કિંમત ₹ ૫
માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૨૭ ● નવેમ્બર,૨૦૧૭




કાલુપુર મંદિરમાં


દિવાળીના ઉત્સવો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧










૧. પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૫મા જન્મોત્સવ પ્રસંગે આયોજીત કાલુપુરથી જેતલપુરની પદયાત્રમાં સંતો હરિભક્તો સાથે તથા જેતલપુર મંદિરમાં વિશાળ સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી સાથે કેક કાપી રહેલા પૂ. મહારાજશ્રી. ૨. કાલુપુર મંદિરમાં દિવાળીના દિવસે સમૂહ ચોપડા પૂજન કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૩. કાલુપુર મંદિરમાં નૂતન વર્ષના અન્નકૂટ દર્શન તથા શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી.



# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર
વર્ષ - ૧૧ ● અંક : ૧૨૭
નવેમ્બર-૨૦૧૭
(મૂળ વર્ષ ૪૯)



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | “છપિયાપુરનો પૂર્વ ઈતિહાસ” | ૦૬ |
| ૦૪. | વિક્રમશી ખાચર | ૦૯ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી શુભ આશીર્વચન | ૧૧ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૯ |
| ૦૯. | પ્રશ્નપેટી | ૨૩ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ્

આપ સૌએ દિવાળી અને નૂતન વર્ષ સહ પરિવાર દેવ દર્શનની શરૂઆત કરીને ઉજવ્યું. ચાતુર્માસ પણ પુરા થયા. સાડા ચાર માસમાં આપે કેટલું પ્રભુ સ્મરણ, ભજન, કીર્તન, કથાવાર્તા કર્યું તેનો સરવાળો સરવૈયું કાઢજો. જેમ વેપાર-ધંધામાં તમે વરસમાં કેટલું કમાયા અને કેટલો ખર્ચ કર્યો અને છેલ્લે કેટલી બચત કરી તેનું નામું તપાસ્યું હશે ને ? વ્યવહારમાં તે બધું બરાબર છે. શ્રીહરિનો આશ્રિત કોઈ ખોટનો ધંધો ન કરે. શિક્ષાપત્રીની આજ્ઞાનું અનુસંધાન રાખતા હરિભક્તો ને માટે આ વાત છે. આપણે જે કાંઈ કમાઈ એ તે બધુંજ શ્રીહરિનું જ આપેલું છે. આપણે તો રખેવાળ છીએ. આ વાતને ક્યારેય ન ભૂલવી.

હવે સુંદર મજાની શિયાળાની ઋતુનો પ્રારંભ થયો છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં મંદિરના પાટોત્સવ, કથા, પારાયણો, શાકોત્સવ અને કલોલ પંચવટી જેવા શિખર મંદિરમાં પ્રતિષ્ઠા આદિ ઉત્સવોની પરંપરા ચાલું થશે. ૧૬ ડિસેબરથી પવિત્ર ધનુર્માસ ધૂનનો પ્રારંભ થશે. માટે સર્વે હરિભક્તોએ ચાતુર્માસ પુરો થયો એટલે બધું પુરુ થયું એવું નથી. આપણે તો કાયમ ચાતુર્માસ જ છે. એવી ટેવ પાડવી કે સતત સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન ચિંતવન ચાલું જ રહે, હાલતા ચાલતા ખાતા-પિતા કે કામ કરતા કરતા આપણા ઈષ્ટદેવને અર્હનિશ યાદ કરતા રહેવું જેથી કરીને આપણો આ છેલ્લો જન્મ સફળ થઈ જાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ




# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

(ઓક્ટોબર-૨૦૧૭)

| | |
|---|---|
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરા યુવા સત્સંગ શિબિર પોતાની શુભ નિશ્રામાં સંપન્ન થઈ. |
| ૧૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા) શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૧૩થી ૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર લંડન વિલ્સડનલેન અને હેરોમાં પધરામણી. |
| ૧૯ | દિવાળીના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સમૂહ શારદાપૂજન-ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું. |
| ૨૦ | નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના શણગાર આરતીના દર્શન કરી બેઠકમાં દર્શન આશીર્વાદ માટે પધાર્યા. |
| ૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર દેઉસણા પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલસ્વરૂપ શ્રી કષ્ટભંજનદેવના પાટોત્સવ પ્રસંગે પધરાણી. |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પોતાના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા સંપન્ન થઈ. |





## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓક્ટોબર-૨૦૧૭)

| | |
|---|---|
| ૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા) શતાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરા સત્સંગ યુવા શિબિર પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ. |
| ૧૮ | કાળી ચૌદશના શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા પ્રસાદીના શ્રી હનુમાનજી મહારાજની આરતી કરીને કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન કરી આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી. |
| ૨૦ | નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૯. | શ્રી સ્વામિનારાયણ મંદિર વેડા વિજય સ્થંભ પૂજન વિધિ પ્રસંગે પધરામણી. |

# "છપિયાપુરનો પૂર્વ ઈતિહાસ"

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મદેવ પિતા અને ભક્તિદેવી માતા થકી છપિયાપુરને વિષે મનુષ્યાકૃતિ ધારણ કરી. તે છપિયાપુરનો મહિમા અનાદિ યુગોથી પૌરાણિક પુરાણોમાં લખ્યો છે. અક્ષરધામાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ છપિયાપુરની ભૂમિને પસંદ કરી તેના અનંત કારણો છે. તેમાંના કેટલાક આ પ્રમાણે છે.

ત્રેતાયુગમાં માર્કણ્ડમુનિ નામના સંત હતા. તેમનો અહીં આશ્રમ અને યજ્ઞશાળા હતી. તેઓએ હજારો વર્ષ સુધી જમીનમાં ગુફા બનાવીને છુપાઈને તપશ્ચર્યા કરી હતી, મુનિની કઠીન તપશ્ચર્યા જોઈને સ્વર્ગના દેવો - અપ્સરાઓ તપ ભંગ કરવા અનેક ઉપાયો વિઘ્નો ઉભા કરતા છતાં મહાત્મા જરાપણ ચલાયમાન ન થયા. દશ હજાર વર્ષની ઘોર તપશ્ચર્યાના અંતે વટ વૃક્ષના પાંદડામાં બાલમુકુંદ ભગવાન બે હાથ વડે જમણા ચરણનો અંગૂઠો મુખમાં રાખીને પોઢ્યા હતા. એવા અદ્ભુત દર્શન મુનિને થયાં. ત્યારે મુનિએ બાલમુકુંદ ભગવાનની સ્તુતિ કરી.

''करार चिंदेनपदारविंदम्, मुखारविंदेविनिवेषयन्तम
वटस्य पत्रस्य पुरे शयानम् बालमुकुंद मनशा स्मरामी''

પ્રાર્થનાના અંતે માર્કણ્ડમુનિએ વટપત્રશાયી બાલમુકુંદની પાસે બે હાથ જોડી વર માગ્યો કે, હે પ્રભુ ! આપે મન આપના બાલસ્વરૂપનાં દર્શન આપી કૃતકૃત્ય કર્યો તો આ ભૂમિમાં આપના બાલસ્વરૂપનાં અનંત જીવોને દર્શન થાય એવી મારી પ્રાર્થના છે. ત્યારે બાલમુકુંદ ભગવાને તથાસ્તુ કહ્યું. ત્યારે માર્કણ્ડમુનિને સાત કલ્પની દીર્ઘ આયુષ્યનું વરદાન આપતાં આઠમાં ચિરંજીવી તરીકે પ્રસિદ્ધ થયા. જેઓ છતાં દેહે આજે પણ છપિયાની ભૂમિ પર દિવ્યરૂપે તપશ્ચર્યા કરે છે. તેઓ સરયૂપારીના કુલગુરુ તરીકે માર્કેણ્ડમુનિ બન્યા એટલે શ્રી ઘનશ્યામ મહારાજનાં નામકરણ સંસ્કારવિધિ તેઓએ કર્યા હતાં તથા ચૌલવિધિ કર્ણવેધ આદિ જે જે સંસ્કારો થતા તેમાં પૂજા કરવા માર્કણ્ડમુનિ ઉપસ્થિત થતા. જે જગ્યાએ ધર્મદેવનું ઘર હતું તે ઘરમાં અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ પ્રગટ થયા તે ઘરની નીચે ગુફામાં બેસીને એટલે ગુફામાં છુપાઈને



(સંતાઈને) દેવો અને દાનવોની ઈર્ષ્યાથી બચવા તપ કર્યું તે ભૂમિ "છુપિયા" તરીકે ઓળખાવા લાગી. રાજા મહારાજાઓ દેવો-મુનિઓએ માર્કણ્ડમુનિ જ્યાં છુપાયા એટલે કે "છપિયા" તે ભૂમિમાં અન્ય સાધુ મહાત્માઓ અને દેવતાઓએ આવીને નિવાસ કર્યો તે નગર "છુપિયા" તરીકે પ્રસિદ્ધ થયું. કાળાન્તરે છુપિયામાંથી "છપિયા" નામે ઓળખાવા લાગ્યું. ગુજરાતીમાં અપ્રભૃંશમાં "છપૈયા" પણ કહે છે. ભારત સરકારના રજીસ્ટરમાં રેલ્વે સ્ટેશનનું નામ "સ્વામિનારાયણ છપિયા" આજે પણ બોર્ડ લગાવેલું છે.

માર્કણ્ડમુનિની ભૂમિ જ્યાં બાળમુકુંદ ભગવાનનાં દિવ્ય દર્શન થયાં તેજ સ્થળમાં બાળમુકુંદ ભગવાને માર્કણ્ડમુનિ ને આપેલું વરદાન સત્ય કરવા અક્ષરધામાધિપતિએ "છપિયા" સ્થળ પસંદ કર્યું એવું જણાય છે.

છપિયાની ભૂમિ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજનાં સૌ પ્રથમ વાર ચરણો જ્યાં મુકાયા એટલે આ ધરતીનું પૌરાણિક રીતે મહત્વ હતું અને અધિકતમ મહિમા વંત બન્યું.

છપિયાપુરમાં "નારાયણ સરોવર"નો મહિમા અનાદિથી બહુજ મોટો છે. માર્કણ્ડમુનિજી આશ્રમમાં હજારો ગાયોનું પાલન કરતા હતા. એકવાર કાળ પડવાથી ગાયો અને મનુષ્યો પાણી વિના તરસી મૃત્યુ પામવા લાગી, ત્યારે ભગવાન બાલમુકુંદ નારાયણ રૂપ ધારણ કરી પગના અંગૂઠા વડે ગંગાજી પ્રગટ કર્યા અને ત્યાં સરોવર બની ગયું. ભગવાનના ચરણના અંગૂઠાથી ગંગાજી પધાર્યા એટલે તે સરોવરનું નામ મુનિએ "નારાયણ સરોવર" રાખ્યું. ગંગાજી પધાર્યા એટલે ભૂમિની આજુબાજુ અન્ય સંતો-ઋષિયો મુનિઓના સ્થાનકો વધવા લાગ્યા. નારાયણ સરોવરમાં અડસઠ તીર્થનો નિવાસ થયો. ભગવાન શ્રીઘનશ્યામ મહારાજ નારાયણ સરોવરમાં નિત્ય સ્નાન કરતા.

છપિયાપુરને વિષે ભક્તિદેવીએ મનુષ્યાકૃતિ ધારણ કરી હતી. ભક્તિમાતાના દાદા બાલકરામ તિવારી દાદીમાં જીવરાની દેવી હતાં તેઓ પૂર્વજન્મમાં કશ્યપ અને અદિતિ હતા.

બાલકરામ તિવારી "લોનાપાર" ગામે વસતા હતા. એકવાર બન્ને દંપતિ નિવૃત્તિ ધર્મ અંગીકાર કરી સરયૂ કિનારે અવધપુરિમાં શેષજીવન વ્યત્તિત કરવા નિકળ્યા. તેઓના બે પુત્ર હતા. એક કૃષ્ણ શર્મા અને બીજા દુન્દ શર્મા બન્નેનાં લગ્ન કરાવી ઘરની જવાબદારીઓ સુપ્રત કરી અવધપુરી તરફ "લોનાપાર" થી નીકળ્યા. કેટલાક દિવસે અવધપુરી નજીક આવતાં છપિયાપુરને વિષે નારાયણ સરોવરના કિનારે રાત્રિવાસો કર્યો. અખંડ ભગવાનના નામનો જપ કરતાં રાત્રી વિતી રહી હતી, ત્યારે બન્નેને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી. દિવ્ય દ્રષ્ટિ બની, ત્રિકાળ જ્ઞાન સ્ફુરણા થઈ. અનેક શુભ સંકેતો થવા લાગ્યા એટલે જણાયું કે, આ ભૂમિના પ્રતાપે અમોને દિવ્ય અનુભૂતિઓ થાય છે. એટલે આગળ જવાનું બંધ રાખી નારાયણ સરોવરના કાંઠેજ તપશ્ચર્યા કરવા લાગ્યા. ત્યાં એક પૂર્ણકુટિ બનાવી ભજન જપ તપ કરતાં જીવન વ્યતિત કરવા લાગ્યા.

એક દિવસની પ્રાતઃ સંધ્યામાં બન્ને દંપતિ ભગવાન નારાયણના નામ જપ કરી રહ્યાં હતાં ત્યારે સાક્ષાત્ ચતુર્ભુજ ભગવાને દર્શન આપ્યાં. ત્યારે જીવરાની દેવીએ કહ્યું કે ભગવાન અમને મુક્તિ આપો ! ત્યારે ભગવાન શ્રી નારાયણ બોલ્યા કે, ! હે દેવી આ સરોવરમાં અમારા ચરણ અંગૂઠા વડે ગંગાજી પ્રગટ થયા છે અને વળી વટપત્રશાયી અમો બાલમુંકુંદ સ્વરૂપે માર્કણ્ડમુનિના આશ્રમમાં અખંડ રહીએ છીએ. તમે અન્ય કોઈ સ્થળે ન જાશો. અમે સ્વયમ્ અક્ષરધામના અધિપતિ રુપે તમારા દીકરાની દીકરીના કૂખે સ્વયં મનુષ્યરૂપ ધારણ કરી પ્રગટ થઈશું. આટલું કહીને ભગવાન અદશ્ય થયાં. ત્યાર પછી બાલકરામ તિવારી છપિયાને પોતાનું કાયમી વતન બનાવીને રહેવા લાગ્યા અને પોતાના બન્ને પુત્રોને પરિવાર સહિત "લોનવાર"થી તેડાવી આખા પરિવારનો છપિયાપુરમાં નિવાસ કરાવ્યો. બાલકરામ અને જીવરાની બન્ને નારાયણ સરોવરના કિનારે તપ કરીને પોતાનું શેષ જીવન વ્યતિત કર્યું. તેઓની સ્મૃતિ સ્થાન સરોવરના કિનારે આવેલા છે. ત્યાં અનેક પ્રકારની માનતાઓ રાખવામાં આવે છે.

કેટલાક સમય પછી બાલકરામના પુત્ર કૃષ્ણશર્માને ભવાની દેવી થકી વિ.સ. ૧૭૯૮ કારતક સુદ પૂર્ણિમાના દિવસે દિકરી રૂપે સ્વયં ભક્તિ દેવી પ્રગટ થયાં અને તેમનું પ્રાગટ્ય, બાલપણ, ધર્મદેવ સાથે વિવાહ અને અનંતકોટી બ્રહ્માંડના અધિપતિનો પ્રાદુર્ભાવ સંપ્રદાયના ગ્રંથોમાં સંતોએ ખૂબજ વર્ણન કર્યો છે. એજ રીતે ધર્મદેવ દાદાની પ્રાગટ્યભૂમિ ''ઈટાર પાંડે'' ગામનો પણ પૌરાણિક ઈતિહાસ બહુજ સુંદર છે. તે પણ આગામી અંકમાં લખવામાં આવશે.

છપિયાધામ સત્સંગી માટે સર્વશ્રેષ્ઠ સર્વોતમ છે. શ્રીહરિ પ્રગટ થયા જે સ્થાનને પસંદ કર્યું તેના પૂર્વનો ઈતિહાસ જાણ્યો હોય તો સંપ્રદાયનો આશ્રિત ન હોય તેને પણ છપિયાનાં દર્શનનો મોહ થાય. અને ભક્તિ પ્રગટ થાય. છપિયાપુરના પૌરાણિક પ્રસંગો અનેક પુરાણોમાં લખાયા છે. અને સરયૂપારિ વિદ્વાનો પાસે આવા અનેક પુરાવા-પ્રમાણો લખેલા છે તેમાંથી એક પ્રસંગ લખ્યો છે. બીજા તો પચીસ-પચાસ પૂર્વ ઈતિહાસ આ ધન્ય ધરા સાથે જોડાયેલા છે. કર્મક્ષેત્ર ગુજરાત અને જન્મક્ષેત્ર ઉત્તર કૌશળદેશ સરયૂપાર. ત્યારે ઘણાને મનમાં પ્રશ્નો ઉપસ્થિત થાય કે, આટલે બધે દૂરની ભૂમિ ભગવાને કેમ પસંદ કરી. પણ જ્યારે ઈતિહાસના પ્રસંગો પર દૃષ્ટિપાત કરીએ ત્યારે આવા વિચારો આપોઆપ શાંત થાય.

છપિયાપુરમાં બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજે અનંત લીલાઓ કરીને અનેક જીવોના કલ્યાણ કર્યા. તેનાં પ્રતિક સ્મૃતિ સ્થળોનાં આજે પણ પ્રત્યક્ષ દર્શન કરીને ભક્તો ધન્ય બની જીવનને કૃતકૃત્ય માને છે.

તેમાં સવિશેષ જે ઘરમાં ભગવાન પ્રગટ થયા અને અગીયાર વર્ષ સુધી રહીને માતા-પિતા સહિત સરયૂપારી સમસ્ત ભક્તોનાં મનોરથ પૂર્ણ કર્યા તે ભગવાનશ્રી ઘનશ્યામ મહારાજની પ્રાગટ્ય ભૂમિ સ્થાનનો મહિમા તો શેષ ભગવાન હજાર મુખે ગાય તો પણ પુરો થાય નહિ.

આપણા તો મોટા ભાગ્ય છે કે, તે ધ્યાન ધરવા જેવાં જન્મ સ્થાન મંદિરના દર્શન થાય છે.

''છપિયા'' મંદિરના પરિસરમાં પ્રવેશ કરીએ ત્યારે સર્વ પ્રથમ જે મંદિરનાં દર્શન થાય છે તેનું નિર્માણ આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ આજથી ૧૭૫ વર્ષ પૂર્વ નિર્માણ કરીને સ્વહસ્તે માતા પિતા સહિત બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની પંચ ધાતુઓની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. મંદિરની પશ્ચિમ તરફ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાગટ્યભૂમિ જન્મ સ્થાન મંદિર છે. ત્યાં ધર્મદાદાનું ઘર હતું. તે ઘરને પ્રસાદી તરીકે યથા સ્થિતિમાં રાખેલું છે. તે ઘરનો સંવત ૧૮૬૮ માં સર્વ પ્રથમ જીર્ણોદ્ધાર કર્યો. ત્યાર પછી પ.પૂ.શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીએ જન્મસ્થાનમાં વિ.સં. ૧૯૭૨ ચૈત્ર વદ- દશમના ના રોજ બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી. ત્યારથી એકસો વર્ષ બાદ જન્મ સ્થાનને જીર્ણોધ્ધાર કરવાની અત્યન્ત જરૂરિયાત ઉપસ્થિત થતાં વર્તમાન આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પ્રસાદીના ઘરને અને મૂર્તિને યથાસ્થિતિ રાખીને મારબલનું મંદિર કરવા હાલના મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી ગુરુ ગવૈયા રામકૃષ્ણાનંદજીને આજ્ઞા કરી.

તો માત્ર આઠ વર્ષના સમયમાં ચાર મજલાવાળું ૧૭૫ ફૂટ લંબાઈ, ૯૦ ફૂટ પહોળાઈ, ૭૧ ફૂટ ઉંચાઈ ધરાવતું સર્વશ્રેષ્ઠ અંબાજીના મારબલથી નૂતન નવ્ય ભવ્ય જન્મ સ્થાન મંદિર ''ભુવન''ના આકારથી સુશોભિત નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૩૧-૧૦-૨૦૧૭ થી તા. ૪-૧૧-૨૦૧૭ કારતક સુદ-૧૫ દેવદીવાળી સુધી પંચ દિનાત્મક ઉદ્‌ઘાટન મહામહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે.

છપિયાધામનાં દર્શન કરવા પધારો ત્યારે તેનો મહિમા યાદ કરીને પધારજો તો સવિશેષ આનંદ આવશે. સાત કલ્પનું દીર્ઘ આયુષ્ય ધરાવતા આઠમા ચિરંજીવી મહાત્મા માર્કણ્ડમુનિની તપસ્થળીમાં ભગવાન બાલમુકુંદ પ્રગટ થયા અને એજ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્યાકૃતિ ધારણ કરી. તો આજ પણ જન્મ સ્થાન મંદિરમાં બાલસ્વરુપ ભગવાન ઘનશ્યામ પ્રભુ પ્રત્યક્ષ પ્રગટ બિરાજે છે. અને આવનાર તીર્થયાત્રીઓના મનોરથ સંકલ્પ પરિપૂર્ણ કરે છે. તેમજ ઘણા પ્રત્યક્ષ પરચા પણ જોવા મળે છે.

# વિક્રમશી ખાચર

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

કારિયાણી ગામે વસ્તા ખાચરના દરબારમાં શ્રીજી મહારાજ વિરાજમાન હતા એ વખતે શ્રીહરિએ પાસે બેઠેલા સંતો-હરિભક્તો આગળ વાત કરી.

પૂર્વજન્મના આપણા મા-બાપ હોય, સાવ નિર્ધન સ્થિતિમાં રહેતા હોય અથવા ઘેર ઘેર ભીખ માગી ખાતા હોય તે આપણને ખબર ન પડે. આપણી પાસે જ રહેતા હોય પણ આપણને તેની દયા ન આવે. કારણ કે આપણને પૂર્વ જન્મની વિસ્મૃતિ થઈ ગઈ છે.

શ્રીહરિની વાત સાંભળીને સભામાં બેઠેલા વિકમશી ખાચર ઉભા થયા. અને બોલ્યા કે હે મહારાજ હું પૂર્વ જન્મમાં કોણ હતો તે કહો.

તમે પૂર્વ જન્મમાં ખંભાતમાં એક સુથાર હતા. હીરાભાઈ નામના ગૃહસ્થના પુત્ર હતા. તમારૂં નામ નારણ હતું. અત્યારે તમારા પિતા-હયાત નથી. તમારી માતા પૂંજીબા જીવે છે. તમે નાની વયમાં જ ગુજરી ગયા હતા. દીકરાના વિયોગથી પુંજીબા રોઈ રોઈને આંધળાં થઈ ગયા છે. તમારે મોટી હવેલી હતી તે એક શેઠને ત્યાં ઘરેણે મૂકી છે. શેઠે તમારી માને એક છાપરૂં કરી દીધું છે. તેમાં રહે છે. શેઠના ઘેર વધ્યું ઘટ્યું જે કાંઈ હોય તે ખાવા આપે છે. આમ તે માજીનું ગુજરાન ચાલે છે.

વિકમશી ખાચરે કહ્યું કે, મહારાજ ! મારે એ ડોશીમાને મળવાની ઈચ્છા છે તમે આજ્ઞા આપો તો હું જઈને તપાસ કરૂં.

હા, ભલે જાઓ. શ્રીહરિ બોલ્યા.

વિકમશી ખાચરે કહ્યું, પણ હે મહારાજ ! મને એ હવેલીમાં કાંઈક એંધાણી આપો જેથી હું ખાતરી કરી શકું.

વિકમશી ખાચરનો ઉત્સાહ વધારતા શ્રીહરિ બોલ્યા, હવેલીવાળા શેઠનું નામ તો અમને ખબર નથી પણ તમે એ હવેલીમાં પ્રવેશ કરી ઉપર નજર કરજો. લાકડાના ત્રીજા પાટડામાં તમારા પિતાએ ડગળી પાડી તેમાં પાંચસો રૂપિયા મૂક્યા છે. ડગળી બંધ કરી દીધી છે. ઝીણી નજરે જોશો તો ખબર પડી જશે.

વિકમશી ખાચર ખંભાત ગયા. કોઈને પૂછ્યું, અહીં એક હવેલી વાળા શેઠ રહે છે તે કઈ બાજુ રહે છે ? તેણે કહ્યું, ભાઈ અહીં તો હવેલીવાળા ચાર પાંચ શેઠ છે. તમે ક્યા શેઠની વાત કરો છો ? નામ શું છે તે કહો તો ખબર પડે.

ભાઈ નામની તો ખબર નથી. વિકમશીને લાગ્યું કે આમ તે મેળ નહિં પડે. પૂંજીમાના નામથી પત્તો મેળવું તો કંઈક ઠેકાણું પડે.

એક રાહદારીને પૂછ્યું ભાઈ ! અહીં એક પૂંજીમાં નામના ઘરડા માજી કોઈ હવેલીવાળા શેઠને ત્યાં રહે છે. તમને ખબર છે ? રાહદારી બોલ્યો, ના ભાઈ મને ખબર નથી.

વિકમશી ખાચરે શ્રીજીમહારાજને સંભાર્યા. હે પ્રભુ! તમે સહાયતા કરો. ચાલતાં ચાલતાં એક દુકાનદાર પાસે ગયા. પૂછ્યું, ભાઈ અહીં એક પૂંજીમા નામના ઘરડા નિરાધાર ડોશી છે અને તે કોઈ હવેલીવાળા શેઠને આશરે રહે છે તમે કાંઈ જાણો છો ?

દુકાનદારે પૂછ્યું, ડોશીમા આંધળા છે ?

વિકમશી ખાચર ઉત્સાહમાં આવી બોલ્યા, હા, હા, બરાબર માજી દેખતા નથી.

દુકાનદાર ફરી બોલ્યો, તમે હવેલીની વાત કરો છો ને તે હવેલી મૂળ તો માજીની જ છે પણ એ શેઠને ત્યાં ઘરેણે મૂકેલી છે. શેઠે એક છાપરું બનાવી દીધું છે તેમાં ડોશીમાં પડ્યા રહે છે. શેઠ વધ્યું ઘટ્યું ખાવાનું આપે છે તે ખાઈને જીવન ગુજારે છે. ડોશી બિચારી દુઃખી છે. ભગવાન લઈ જાય તો સારું.

વિકમશી શેઠ એ હવેલીવાળા શેઠને મળ્યા. શેઠને કહ્યું, હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. મારા ગુરૂએ મને મારા પૂર્વ જન્મ વિશે કેટલીક માહિતી આપી છે. તે બાબતે મારે કેટલુંક જાણવું છે. તેટલા માટે હું અહી આવ્યો છું.

શેઠે પૂછ્યું, તમે ક્યાંથી આવો છો ?

વિકમશી ખાચરે કહ્યું, અત્યારે હું કારિયાણીથી આવું છું. મારા ગુરૂએ મને મારા પૂર્વ જન્મની કેટલીક એંધાણી આપી છે. મારું નામ વિકમશી ખાચર છે. પૂર્વે અમે સુથાર જ્ઞાતિના હતા. આ હવેલી અમારી હતી. મારા પિતાજીનું અવસાન થતાં મારી માં નિરાધાર બની. એ વખતે હું નાનો હતો. મારી માનું નામ પૂંજીમાં હતું અને મારું નામ નારણ હતું.

શેઠે કહ્યું, તમારી વાત સાચી છે. પુંજી ડોશી તો હજી જીવે છે. અને એનો દીકરો નારણ પણ નાની વયે જ ગુજરી ગયો. એકના એક દીકરાના ચાલ્યા જવાથી પૂંજીમાં આંખનું નૂર ખોઈ બેઠા છે. આંધળા થઈ ગયા છે. હવેલી મારે ત્યાં ઘરાણે છે. આ સામેનું છાપરું છે તેમાં રહે છે. ખાવા પીવાનું હું મારા ઘેરથી પહોંચાડું છું.

વિકમશી ખાચર પૂંજીબાને મળવા ગયા. પૂંજીબા ખાટલામાં બેઠા હતા. માળા ફેરવતા હતા. વિકમશીએ પૂંજીબાને જયનારાયણ કહ્યા. પૂંજીબાએ પૂછ્યું, કોણ છે ભા ! વિકમશી ખાચર કહે છે મા ! હું તમારો દીકરો નારણ છું. અહીંથી હું મરી ગયા પછી કાઠિયાવાડમાં કારિયાણી ગામે જન્મ્યો છું. મારું નામ વિકમશી ખાચર છે.

મને મારા ગુરુ સ્વામિનારાયણ ભગવાને મારા પૂર્વજન્મની વાત કરી એટલે તમને મળવા આવ્યો છું.

પૂંજીબા બોલ્યા, હા ભાઈ ! તેં કીધી તે બધી વાત ખરી છે. મારો નારણ તો સાવ નાનકો હતો ને મરી ગયો. હું રોઈ રોઈને આંધળી થઈ ગઈ છું. મારે એક હવેલી છે તે શેઠને ઘરાણે આપી છે. ખાધે પીધે શેઠ મારી ખબર રાખે છે.

વિકમશી ખાચર પછી શેઠને મળ્યા અને કહ્યું, મારા ગુરૂએ તમારી હવેલીમાં એક એંધાણી આપી છે. હવેલીમાં પેસતાં ત્રીજો પાટડો છે તેમાં મારા પિતાએ ડગળી પાડી પાંચસો રૂપિયા મૂક્યા છે. માટે સુથારને બોલાવો અને એ ડગળી ઉખેડાવો.

ખરેખર તેમાંથી પાંચસો રૂપિયા નીકળ્યા. એ પૈસા પૂંજીબાને આપ્યા. પૂંજીબાએ કહ્યું હું આંધળી પૈસા ક્યાં સાચવું ? વિકમશી કહે લ્યો તમને બીજી વ્યવસ્થા કરી આપું. એ રૂપિયા વિકમશી ખાચરે શેઠને વ્યાજે આપ્યા અને કહ્યું, એ વ્યાજના પૈસા ડોશીમાની ખાધા ખોરાકીમાં વાપરજો અને માજીને સાચવજો. મારી જરૂર પડે તો કારિયાણીમાં મને સમાચાર મોકલજો. આ બાજુના ઘણા હરિભક્તો સ્વામિનારાયણ ભગવાનના દર્શન માટે આવતા હોય છે.

શેઠે કહ્યું, તમે પૂંજીબાની કોઈ ચિંતા કરશો નહિ. હું મારી માની જેમ તેને સાચવીશ.

વિકમશી ખાચર પૂંજીબાની રજા લઈ પાછા કારિયાણી આવી ગયા.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.swaminarayanmandirtorda.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી શુભ આશીર્વચન

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

શ્રીહરિના ૭ માં વંશજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પોતાના ૪૫ માં જન્મોત્સવ પ્રસંગે તા. ૩૦-૯-૧૭ ને વિજયા દશમીના શુભ દિવસે કાલુપુર મંદિરે શ્રી નરનારાયણદેવના દર્શન કરીને સંતો-હરિભક્તો સાથે પદયાત્રા કરીને ફક્ત અઢી કલાકમાં ૨૦ થી ૨૨ કિલોમીટર જેટલું અંતર કાપીને જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનું દર્શન કરી વિશાળ સભામાં ધર્મકુળ પરિવાર સહિત વિરાજમાન થયા હતા. તેઓશ્રીની આજ્ઞાથી શ્રીલાલી રાજાએ પ.પૂ. મોટા મહારાજશ્રીની સાથે રહીને અમેરિકા સ્થિત **'દેવસ્ય'** પ્રોજેકટની માહિતી પત્રિકાનું વિમોચન કર્યું હતુ. વિડિયો કેસેટ દ્વારા મોટી સ્ક્રીન પર પ્રોજેકટના મુખ્ય મુખ્ય અંશોનું દર્શન કરાવ્યું હતું.

આ સંદર્ભે પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું હતું કે, આ વિડિયો કેસેટ લંડનના હરિભક્તોએ સ્વખર્ચે અમેરિકા આવીને તૈયાર કરી છે. (જેઓના નામ બોલીને પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે સન્માન કર્યું હતું.) **'દેવસ્ય'** પ્રોજેકટ જેવો છે તેના ફકત ૫% ઓડિયો કેસેટ દ્વારા ન્યાય મળી શક્યો છે. ડિઝનીલેન્ડ ઘણાએ જોયું હશે કે સાંભળ્યું હશે તેના કરતા ૪ ગણો આ પ્રોજેકટ છે. તમે દર્શન કરશો ત્યારે તમને ગર્વ થશે કે આ પ્રોજેકટ શ્રી નરનારાયણદેવના તાબામાં છે. ૫૨૫ એકર જમીનમાં પથરાયેલા આ પ્રોજેકટમાં સવાથી દોઢ માઈલ જેટલું તો આપણુંજ તળાવ છે. **શ્રીહરિના ઉપયોગમાં આવેલ પ્રસાદીના વાસણો વગેરે ધાતુમાંથી પ.પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ભગવાનની જે મૂર્તિ બનાવડાવેલી તે મૂર્તિ અહીં પધરાવવી છે.** (ગાઢ લીલીછમ વનરાજી, રંબેરંગી સુંદર ફુલોના ઉપવનો, સ્વચ્છ પાણીથી ભરેલી સુંદર નદી-તળાવ, ગાય-ઘોડા, રોઝ જેવા પશુઓ, કલરવ કરતા સુંદર પક્ષીઓ, ઓરગેનિક ખેતી દ્વારા તૈયાર થતા શાકભાજી, ફળ-ફુલ તેમજ તેમાંથી જ બનાવેલ ખાદ્ય પદાર્થો પીરસતી રેસ્ટોરન્ટ, રમત ગમતના મેદાનો-સાધનો, લગ્ન પ્રસંગ જેવા સામાજિક ઉત્સવો માટેના મંડપો-સુવિધાઓ વગેરે વગેરે અહીં એકજ જગ્યાએ હોવાથી પૃથ્વી પરનું સ્વર્ગ લાગે, પરંતુ સ્વર્ગની ઉપમા ઝાંખી એટલા માટે પડે કે અહીં પ્રગટ ભગવાનની મૂર્તિ કેન્દ્ર સ્થાને હોવાથી પૃથ્વી પરનું સાચું અક્ષરધામ કહેવાય). અહીં સંપ્રદાયની મર્યાદા અને સિદ્ધાંતોને ક્યાંય આંચ આવવા દીધી નથી.

આજે દશકોશી હોય કે દંઢાવ્ય દેશ હોય, તમે જુઓ છે કે ગુજરાતના ઘણાં બધા કુટુંબના ઘેર તાળા માર્યા હોય છે. તેઓ અમેરિકા, ઓસ્ટ્રેલિયા કે કેનેડા જેવા દૂરના દેશોમાં Migrate (સ્થળાંતર થવું) થાય છે. તેઓને આપણે ભગવાન અને સત્સંગ તો આપવો પડશે ને ? દેવસ્ય જેવા પ્રોજેકટથી ભારતીય સંસ્કૃતિને પશ્ચિમના દેશોમાં સ્થળાંતરિત કરવાનો પ્રયાસ છે. દેવસ્ય અમેરિકામાં છે એટલે તેના વખાણ થાય છે એવું નથી ત્યાં શું સ્થિતિ છે તે ત્યાંના રહેનારને પૂછો તો ખ્યાલ આવે કે ૧૮-૧૮ કલાક બે પાળીમાં કામ કરતા હોય ત્યારે પુરૂં પડે છે. આશય એટલો જ છે કે ખપ વાળા ભગવાનથી વંચિત ન રહેવા જોઈએ. આ વાત કરવાનો હેતુ પણ એટલો જ છે કે ઘણાંને એમ થાય છે કે આપણે કંઈ કરતા નથી. આપણે બધું જ કરીએ છીએ. શું નથી કરતા એ કહો. બીજા કરતા કદાચ આપણી પાસે ઓછું જણાતું હોય તો **મહત્વની વસ્તુ તો એ છે કે આપણી પાસે ભગવાન તો છે ને ! નરનારાયણદેવ છે. જન્મભૂમિ છપૈયા આપણી પાસે છે.** આજે આપણે સૌ નરનારાયણદેવનું દર્શન કરીને ચાલતા આવીને અહીં રેવતી બળદેવજીનું દર્શન કર્યું. **તો આપણે જે ચાલ્યા છીએ એ જ સાચો માર્ગ છે.**

એક હરિભક્ત લંડનથી આવેલા, મને કહે ૧૮

દિવસ રહેવું છે અને એ દરમિયાન કૈલાસ માન સરોવર, કેદારનાથ, બદ્રીનારાયણ વગેરે સ્થળોએ જવું છે. જઈને આવ્યા પછી રૂબરૂં તો ન મળ્યા પરંતુ ટેલિફોન કર્યો એટલે અમે પૂછ્યું, કેવું રહ્યું ? તો કહે, હાથ જોડી ગયો. હવે ફરી વાર આવવાનું થાય ત્યારે નરનારાયણદેવ સિવાય ક્યાંય જવું નથી, જે છે તે બધું અહીં જ છે. **અને આ હકીકત છે. અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.**

ઘણા હારમાં માનરૂપી દોષ ભરેલો હોય છે અને ઘણા હાર ખીસું ખાલી કરવા માટે પહેરાવતા હોય છે. **અમને આજે અમારા બાપૂજી પ.પૂ. મોટા મહારાજશ્રીએ હાર પહેરાવ્યો તેનાથી આજનો દિવસ તો શું પણ અમારી આખી જીંદગી ધન્ય થઈ ગઈ. કારણ કે માતા-પિતાના રાજીપાથી વિશેષ શું હોય !** (પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના આશીવર્ચનમાં હારનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે અમારે હાર પહેરાવવાની કોઈ પરંપરા નથી. અમારા સંબંધો મિત્રો જેવા છે. પરંતુ અમે દર શનિવારે અમારા જૂના નિવાસ સ્થાન અસારવા ગુરુકુળમાં અમારા દાદા પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલા હનુમાનજીનું દર્શન કરી, મ્યુઝિયમ તથા અસારવા ગયા ત્યારે નિર્ગુણ સ્વામીએ આ હાર આપતા અમને કહેલું કે આ હાર આપણી આ વાડીના મોગરાના પુષ્પો ચૂંટીને જનમંગલ નામાવલિનો પાઠ કરતા કરતા હાર પરોવ્યો છે જે આપ આજે પ.પૂ. મહારાજશ્રીને પહેરાવજો જેથી તે હાર અમે અહીં લાવીને મહારાજશ્રીને પહેરાવેલો).

અમારા જન્મદિવસના નિમિત્તથી પણ કંઈક સારું કાર્ય થાય એ હેતુથી આજના દિવસે કાલુપુર અને જેતલપુર મંદિરમાં જે કંઈ ભેટ આવશે એ અમે નિ:સહાય બાળકોની સુખ-સુવિધા અને તેઓના શિક્ષણ માટે વાપરવાનું નક્કી કર્યું છે. આપણી પાસે Men Power (માનવબળ) સેવા કરનાર ભક્તજનો છે. પૈસા છે. બધું જ છે જેથી એવું નક્કી કર્યું કે બીજી સંસ્થાઓને પૈસા આપીને પરોક્ષ રીતે સેવા કરાવવી તેના કરતા આપણે આપણા હાથે જ પ્રત્યક્ષપણે સેવા કરીએ તો ઉત્તમ, તે ભાવનાથી છેલ્લા ૪-૫ દિવસમાં જ આપણે મંદિરની બાજુમાં જ ૪ બેડરૂમ વાળું એક મોટું મકાન ખરીદી લીધું છે. મંદિરની બાજુમાં જમીનની કિંમત શું ચાલે છે, ખ્યાલ છે ? ૧ ચોરસ ફૂટના ૧ લાખ રૂપિયા ! મકાનનું નામ અમારા પરિવાર સાથે મળીને અનાથાશ્રમ નહીં પરંતુ Aangan (આંગન) રાખ્યું છે, (Aanganનો ઉલ્લેખ કરતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચનમાં કહ્યું હતું કે, Aangan નામ બહુ ગમ્યું. કારણ કે અનાથાશ્રમ એટલે આપણે તો અનાથ નથી જ. આપણા તો નાથ નરનારાયણદેવ છે જ પરંતુ આ આંગનમાં જે આશરો લેશે તે પણ સનાથ થવાના છે.) આંગનની સંપૂર્ણ જવાબદારી ગાદીવાળા, લાલીરાજા તથા તેઓની સાથે જે નરનારાયણદેવ યુવતિ મંડળ છે તેઓ સંભાળવાના છે. તમે એવું ન માનતા કે આપણે કંઈ કરવાનું નથી, આપણા સૌના સહયોગની જરૂર તેમાં પડવાની છે. **ભગવાન ફક્ત મારા કે સંતોના કે ફક્ત હરિભક્તોના નથી પરંતુ ભગવાન આપણા સહુના છે. એટલે દરેક કાર્યની જવાબદારી આપણા સહુની બને છે.** જો કે તમે કરો જ છો તેનાથી તો આપણી પ્રગતિ છે. **અમે ક્યારેય તમારી પાસે માંગ્યુ નથી કે માંગવાના પણ નથી.** તમારું આપેલું તમારા માટે જ વપરાય છે. આપણો વહીવટ બહુ પારદર્શક છે. મેં અગાઉ પણ કહેલું કે ૧૪-૧૫ ના નાણાકીય વર્ષમાં કાલુપુર મંદિર તરફથી સાડા છવીસ કરોડ રૂપિયા આપણે જે મંદિરો નરનારાયણદેવના દસ્તાવેજવાળા છે તે નૂતન મંદિરો, જૂના મંદિરોના જીર્ણોધ્ધાર તેમજ હરિભક્તોના ઉતારા માટે, સવલતો માટે વાપર્યા છે. બેંક બેલેન્સ કરવામાં આપણે માનતા જ નથી. અહીંથી છપૈયા ઘણા રસ્તાએ જવાય. તેમાં કોઈ પોતાની ગાડીમાં જાય અને રસ્તામાં કોટા વિશ્રામ કરવો હોય તો સાંજ પડ્યે કમ સે કમ ખીચડી તો મળે ને અને રહેવા માટે ઉતારો મળે. મંદિર નરનારાયણદેવના દસ્તાવેજવાળું ન હોય તો કંઈ આપીએ નહીં, લઈએ ખરા !

વિદેશનું ફંડ આપણે અહીં ક્યારેય લાવતા નથી. તેમ છતાં ૧ વર્ષ પહેલા અમે જયારે લંડન ઉત્સવમાં ગયેલા

ત્યારે ત્યાંના કેટલાક હરિભક્તોની અનાથાશ્રમના બાળકોને મદદરૂપ થવાની ભાવના હતી, જેઓએ એ સમયે ૧,૯૦,૦૦૦ પાઉન્ડ આપ્યા હતા જે રકમ આ આંગનની યોજનામાં વપરાવાની છે. (લંડનના તે હરિભક્તો ઉપસ્થિત હોવાથી આ પ્રસંગે તેઓનું સન્માન કર્યું હતું.) પી.પી. સ્વામી (જેતલપુર)એ પાંચ દિવસ પહેલા ટેલિફોન કરેલો કે શું આયોજન કરવાનું છે ? અમે કહેલું કે કંઈ કરવાનું નથી. ચાલતા આવીને અમારે દેવનું દર્શન કરવું છે. અને આ પ્રસંગે જે કંઈ ભેટ આવે તે અનાથાશ્રમ માટે વાપરવાની છે. આ પ્રોજેકટ માટે નહી પુરું પડે તો અમે ગમે ત્યાંથી ટ્રસ્ટ કે મંદિરમાંથી પણ પૈસા કાઢીને ચલાવીશું.

આંગન માટે આપણે કોઈ જુદું ટ્રસ્ટ બનાવવાનું નથી. દ્વિશતાબ્દિ મહોત્સવ વખતે જરૂરિયાતવાળા માટે અન્નક્ષેત્ર ચલાવવા 'નરનારાયણદેવ પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ નોંધાયેલું જ છે. જે ટ્રસ્ટ નીચે જ આંગનનો સમાવેશ કરવાનો છે. અનાથ બાળકોના શિક્ષણ માટે પણ આપણી પાસે સુવિધા છે. આપણા મંદિર દ્વારા જે સ્કુલ-કોલેજ ચાલે છે તેની ફીનું ધોરણ આપણે પ્રથમથી જ અન્ય પ્રાઈવેટ સ્કુલોના પ્રમાણમાં ફક્ત ૪૦% જેટલું રાખ્યું છે. ઓછી ફીમાં પણ સારામાં સારું શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં સરકાર દ્વારા જ્યારે ફીના નિયંત્રણ માટે વાતો ચાલે છે ત્યારે વધારે ફી લેતી સ્કુલોના સંચાલકો બુમો પાડે છે. આપણી જે સ્કુલમાં School Van (શાળાની બસ કે ગાડી)ના ડ્રાઈવરના બાળકો શિક્ષણ મેળવે છે તે જ સ્કુલમાં લાલજી મહારાજ અને લાલીરાજાએ શિક્ષણ લીધું છે. લોકોના માનસમાં એક એવી ભ્રમણા હોય છે કે જે સ્કુલની ફી ઉંચી હોય તેનું શિક્ષણ પણ સારું હોય. સ્કુલમાં A.C. કલાસનો આગ્રહ રખાય પછી એ બાળકો સ્કુલની બહાર નીકળીને શું પરિશ્રમ કરી શકે ? શરીર પરિશ્રમથી જ સારું રહે છે.

આપણી સંસ્થા એક એવી છે કે જે જરૂરિયાતથી વધારે પૈસા લેવાની પણ ના કહી શકે છે. જમ્મુ-કાશ્મીરના મુસ્લિમ Refugee (નિર્વાસિત)ને જ્યારે આશરાની જરૂર પડેલી એ સમયે બાળકોને દૂધની તો ક્યાં વાત રહી, પાણી પણ નહોતું મળતું. સવારમાં ઉઠીને મોઢું સાફ કરવા માટે બ્રશ કે ટુથ પેસ્ટની પણ ઉપલબ્ધિ નહોતી, ચાર-ચાર દિવસ સુધી નહાવાના ઠેકાણા ન હોતા પડતા, કોઈ હાથ ઝાલવા તૈયાર નહોતું **એવા સમયે આપણા મંદિરે માનવ ધર્મ નિભાવીને નિરાશ્રિતોની સેવા કરેલી.** એ સમયે ફંડ માટે અમે જે આંકડો નક્કી કરેલો, તે આંકડાનો ટારગેટ પુરો થતા રાત્રે બે વાગ્યે ઉઠીને ભંડોળ વધારે ભેગું ન કરવા માટે જાહેરાત કરેલી, બીજા દિવેસ પણ જેઓ આપવાના આગ્રહ વાળા હતા તેઓને પણ ના કહેલી. હજુ હમણાજ કાલુપુર મંદિરે ઘનશ્યામ મહારાજના સોનાના સિંહાસન માટે હરિભક્તો આગ્રહ કરતા હતા અને સોનું આપવા તૈયાર હતા. અને ના કહી, કાષ્ઠનું બનાવડાવ્યું. સોનાથી કંઈ ભગવાન રાજી નથી થઈ જતા. આપણે જેને સર્વોપરી કહીએ છીએ એ જ ભગવાન સોનું, પ્લેટીનમ કે લોઢું એમ સઘળી ધાતુ બનાવે છે. **આજે કાષ્ઠના સિંહાસનમાં દર્શન કરીએ છીએ ત્યારે આટલા વર્ષોએ ઘનશ્યામ મહારાજ શ્વાસ લેતા હોય એવું Feeling (લાગણી) થાય છે.**

મહારાજે પ્રથમ આપણને માનવતા શીખવાડી છે. કોઈને દુઃખિયો રે દેખી ન ખમાય, દયા આણી રે, અતિ આકળા થાય... અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે, મહારાજનો આ અતિ દયાળુ સ્વભાવ રહ્યો છે. એટલા માટે જ મહારાજે સંપ્રદાયની સ્થાપના સમયે વાવ કૂવા તળાવો ખોદાવ્યા છે. અન્નક્ષેત્રો ચલાવ્યા છે. ત્યાં કંઈ કંઠી જોવામાં નહોતી આવતી. **એટલે જો પ્રથમ માનવ બનીને પછી મંદિરના પગથિયા ચઢીશું તો ભગવાન પણ વધારે રાજી થશે. જો સીધા મંદિરના પગથિયા ચડ્યા તો મંદિરનો આરસ ઘસાશે. સીધા મોટા ભગત થઈ ગયા પછી પાયામાં માનવ બનવું અઘરું પડતું હોય છે.**

સ્ત્રી સશક્તિકરણ વિશે લખાય છે કે ભાષણમાં બોલાય છે. પરંતુ સાચા અર્થમાં કંઈ થતું જોવામાં આવતું નથી. જ્યારે આપણા સત્સંગ પરિવારની આ બહેનોએ

ગાદીવાળા તથા લાલીરાજાની સાથે રહીને કામ કરી બતાવ્યું છે. વૃદ્ધાશ્રમ જેઓ ચલાવે છે તેઓને મુબારક છે, વિરોધ નથી પરંતુ હું વ્યક્તિગત રીતે માનું છું કે આપણે જો તેમાં ફંડ આપીએ તો પરોક્ષ રીતે પ્રોત્સાહન આપ્યું ગણાય. કારણ કે વૃધ્ધાશ્રમ હોવા એ આપણી ભારતીય સંસ્કૃતિથી વિરૂધ્ધ છે. મા-બાપને આદરથી પોતાના ઘેર જ રાખવા જોઈએ. ગામડામાં ઢોર બાંધવાના ફરજા પાસે પોતાના મા-બાપનો ખાટલો નાંખ્યો હોય ત્યારે તેઓના સંતાનોના સંસ્કારમાં એટલી ઉણપ જણાય છે.

આજે જેઓ ચાલીને આવ્યા છે તે સહુને ધન્યવાદ. જેઓ નિયમિત ચાલે છે એને તો અઘરું નથી પડતું પરંતુ જેઓ ક્યારેય ચાલતા ન હોય અને આજે ચાલીને આવ્યા હોય તેઓ વિશેષ ધન્યવાદ ને પાત્ર છે. કારણ કે સાંધા દુઃખતા હોય, પલાંઠી વાળીને સરખું બેસી પણ શકાતું ન હોય. હજુ ઘણા પ્રોજેક્ટ કરવાના છે. તેના વિશે વાત કરીએ તો સાંજ પડી જાય એટલે વિશેષ કંઈ કહેવું નથી. આ સંતો અમારી ફોજ છે. ખૂબ કાર્ય કરે છે, તેઓની સાથે હસી-મઝાક કરતા હોઈએ છીએ. આપણો આ પરિવાર છે. તમારામાંથી ઘણા ખરાને ઓળખીએ છીએ. સૌ સાથે મળીને કામો કરતા રહીએ એજ પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આ પ્રસંગે કહ્યું હતું કે, આપ સૌમાં મહારાજ પ્રત્યે કેટલી લાગણી-પ્રેમ અને શ્રધ્ધા જોડાયેલી હશે ત્યારે ૨૦-૨૨ કિલોમીટર ચાલીને અહીં અવાતું હોય છે.** આપણે સૌ સાથે મળીને આનાથી પણ વધારે જે પ્રોજેક્ટ કરવાના છે તેમાં સહભાગી બનીએ. મહારાજ આપણને સૌને ક્ષમતા આપે અને ખાસ કરીને મહારાજશ્રીમાં કાર્ય કરવાની જે ક્ષમતા છે તેમાંથી ૫૦ ટકા પણ મારામાં આવે અને પૂ. મહારાજશ્રીને દીર્ઘાયુષ બક્ષે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# ધનુર્માસનો વિશેષ સત્સંગ

## તા. ૧૬-૧૨-૨૦૧૭ થી તા. ૧૪-૦૧-૨૦૧૮

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂનનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

- મહંત સ્વામી

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં લક્ષ્મીપૂજન તથા હનુમાનજીનું પૂજન

ધન તેરસના દિવસે ધન પૂજન - લક્ષ્મી પૂજન વિશ્વભરમાં અનેક જગ્યાએ કરવામાં આવ્યા હશે પરંતુ આપણા અદ્વિતીય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ધન તેરસના દિવસે શ્રી લક્ષ્મી પૂજન એ રીતે વિશ્વભરમાં અદ્વિતીય હતું કે તે પૂજન સ્વયં શ્રી હરિના વંશજના હસ્તે કરવામાં આવ્યું હતું. પ.પૂ.મોટા મહારાજશ્રીએ સોના-ચાંદીના સિક્કારૂપી ધનનું પૂજન મ્યુઝિયમના મુખ્ય હોલમાં હજારો હરિભક્તોની હાજરીમાં કર્યું હતું. પાછળથી તે સિક્કાઓ મ્યુઝિયમના સાહિત્ય કેન્દ્રમાં ઉપલબ્ધ કરાયા જેથી તે પ્રસાદી સ્વરૂપ સિક્કાનો વધુમાં વધુ હરિભક્તો લાભ લઈ શકે.

ધન તેરસના બીજા દિવસે એટલે કે કાળી ચૌદશના દિવસે મ્યુઝિયમમાં પ્રસ્થાપિત પ્રસાદીના હનુમાનજીનું સમૂહ પૂજન કરવામાં આવ્યું હતું જેમાં પણ સેંકડો હરિભક્તોએ ઉમળકાભેર લાભ લીધો હતો અને દિવાળીની રજાઓમાં ખૂબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - સપ્ટેમ્બર-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | અ.નિ. વાલીબેન રણછોડભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે - અમદાવાદ, હ. અમર પરિવાર |
| રૂા. ૯,૧૧૧/- | બાબુભાઈ મુળચંદભાઈ પટેલ - ઘોડાસર (પ્રથમ પગાર નિમિત્તે) |
| રૂા. ૫,૫૦૦/- | ઉર્મિ વિનયકુમાર ભટ્ટ - અમદાવાદ - અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબના જન્મ દિન નિમિત્તે |
| રૂા. ૫,૫૦૦/- | ધર્મપ્રસાદ મણીલાલ શુકલ - અમદાવાદ - અ.નિ. મણીલાલ લક્ષ્મીદાસ ભાલજા સાહેબના જન્મ દિન નિમિત્તે |
| રૂા. ૫,૧૫૧/- | અ.નિ. પ.પૂ. ભાલજા સાહેબ (પૂ. મોટાભાઈ) ના ૧૧૫ માં જન્મ દિન નિમિત્તે ભેટ, હ. પ્રબોધભાઈ આરીવાલા, ડૉ. નિકુંજ આરીવાલા |
| રૂા. ૫,૧૦૦/- | જયસિંહજી - મથુરા |
| રૂા. ૫,૦૦૦/- | તનિષ્કાબેન ધવલકુમાર ઠક્કર - વિરમગામ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. ભુખણદાસ છોટાલાલ ગાંજાવાલા, હ. હર્ષાબેન ગાંજાવાલા - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | એક હરિભક્ત - ઘાટલોડિયા |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓક્ટોમ્બર-૨૦૧૭

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | ગોમતીબેન અમૃતભાઈ પટેલ સહ પરિવાર - વડુ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | કાંતિલાલ પ્રભુદાસ પટેલ - વડુવાળા - હાલ રાણીપ |

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી સપ્ટે.-૧૭

| | |
|---|---|
| તા. ૩-૯-૧૭ | વિભાબેન રણછોડભાઈ ઈશ્વરભાઈ પટેલ - ઉનાવા - ગાંધીનગર |
| તા. ૪-૯-૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર - કોલોનિયા - ન્યુજર્સી પાટોત્સવ પ્રસંગે |
| તા. ૧૧-૯-૧૭ | અ.નિ. મોહનભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ જામસરવાળા<br>હ. ગોરધનભાઈ તથા મહેન્દ્રભાઈ તથા અશોકભાઈ - હાલ ગાંધીનગર |
| તા. ૧૭-૯-૧૭ | અ.નિ.ભાલજા સાહેબના મંડળના શારદાબેન ઘનશ્યામભાઈ આરીવાલા<br>હ. ડો.નિકુંજ આરીવાળા તથા પ્રબોધભાઈ છગનભાઈ આરીવાલા |
| તા. ૨૦-૯-૧૭ | શ્રી બંસીલાલ હિંમતભાઈ બાવડા - આર.ટી.ઓ. સાબરમતી |
| તા. ૨૨-૯-૧૭ | અ.નિ.સવિતાબેન સેંધાભાઈ પટેલ - કુંડાળ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ પ્રસંગે<br>હ. અરવિંદભાઈ તથા નવીનભાઈ તથા કીર્તન અને પારૂલબેન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ઓક્ટો.-૧૭

| | |
|---|---|
| તા. ૧-૧૦-૧૭ | (સવારે) શ્રી મનજી શીવજી હીરાણી - યુ.કે. |
| તા. ૧-૧૦-૧૭ | (બપોરે) અ.નિ.વાસુદેવભાઈ ગીરધરભાઈ ગજ્જર - હ. આરતીબેન ગજ્જર - નારણપુરા |
| તા.૨-૧૦-૧૭ | પટેલ નટવરલાલ કાંતિલાલ - વડુવાળા - કલોલ |
| તા. ૮-૧૦-૧૭ | શ્રી રમેશભાઈ ધનજીભાઈ પટેલ - મહાદેવનગર |
| તા.૧૦-૧૦-૧૭ | શ્રી નરેન્દ્રકુમાર કાંતિલાલ પટેલ - વડુવાળા હા. રાણીપ |
| તા. ૧૨-૧૦-૧૭ | શ્રી નટરવરલાલ કાંતિલાલ પટેલ - વડુવાળા - કલોલ |
| તા.૧૪-૧૦-૧૭ | (સવારે)શ્રી નાનુભાઈ આર. પટેલ - પાલડી |
| તા.૧૪-૧૦-૧૭ | (બપોરે)શ્રી પ્રદીપ નટવરલાલ શાહ - મણીનગર હા. બોસ્ટન હ. હેમલત્તા પ્રદિપભાઈ શાહ |
| તા.૧૭-૧૦-૧૭ | પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે લક્ષ્મીપૂજન તથા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ આયોજીત<br>સમૂહ મહાપૂજા યજમાન અ.નિ.જયદેવભાઈ બ્રહ્મભટ્ટ - હ. ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ |
| તા.૧૮-૧૦-૧૭ | પ્રસાદીના હનુમાનજીનું સમૂહ પૂજન |
| તા.૧૧-૧૦-૧૭ | શ્રી સેંધાભાઈ કેશવલાલ પટેલ - ગુલાબપુરાવાળા-શાહીબાગ |
| તા. ૨૪-૧૦-૧૭ | જીજ્ઞાસા વિરેન્દ્રકુમાર દેસાઈ ફ્લોરિડા - હ. વાડીલાલ પટેલ-કુંડાળ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

## સુગંધના બદલામાં સોનું

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સુંદર સભા ચાલતી હતી. સભામાં અમદાવાદથી એક માળી આવ્યો. માળી એટલે પુષ્પનો ધંધો કરે. ફુલ લાવે ને હાર બનાવીને વેચે. આ માળીના હાથમાં વાંસની ટોપલી હતી. અને એ ટોપલીમાં ઘણાં બધાં પુષ્પ ભરેલાં હતા. શ્રીજીમહારાજની પાસે આવીને એ ફુલની ટોપલી મૂકી. સ્વામિનારાયણ ભગવાને આખીયે ટોપલી ઉંચકી અને બધાં ફુલ સૂંઘ્યા. શ્રીજી મહારાજે એ પુષ્પની ટોપલી ઉપર હાથ ફેરવ્યો. અને કહ્યું ''હે સંતો ! બધા ઉભા થાવ. અમારી પાસે આવો અને આ ફુલની છાબડીમાંથી એક એક ફૂલ લઈ જાવ.'' બધાય સંતો ક્રમશઃ ઉભા થયા. એક એક પુષ્પ લેવા માંડ્યા. કેટલાક અધીરીયા ભક્તો ઊંચા થઈને જોવા માંડ્યા. છાબડી તો આટલી જ છે. સંતો ઘણા બધા છે. ફુલ ખાલી થઈ જશે. પણ ખાલી થયાંજ નહીં.

શ્રીજીમહારાજે ભક્તોને કહ્યું કે ''હે ભક્તો ! તમે પણ એક એક જણ આવો, આમાંથી ફૂલ લઈ જાવ.'' તમામ સત્સંગીઓએ પ્રસાદીનું એક એક પુષ્પ સ્વીકાર્યું. મહારાજ સ્વયં ઉભા થયા. અને એ છાબડીમાંથી ખોબો ભરીને બહેનોની સભામાં ફુલ ચઢાવ્યાં. લ્યો એક એક તમે પણ લઈ લો. છતાં છાબડીમાં પુષ્પ એમને એમ દેખાતાં હતા.

ભગવાન માળીને કહે છે, ''આટલાં બધા ફુલો સંતોને, હરિભક્તોને, બહેનોને આપ્યાં છતાં તમારા ફુલ તો ખૂટતાં જ નથી. આ તમારી છાબડી છે કે અક્ષયપાત્ર છે? માળી કહે છે ''મહારાજ ! હું તો મારા સ્વાર્થ ભાવથી આવ્યો હતો.'' ભગવાન આગળ જે સત્ય રજૂ કરે એ જીતે. આપણા મનમાં સ્વાર્થ હોય તો કહી દેવું. મહારાજ ! અહીં આવીને બેસું છું તો સ્વાર્થભાવથી આવું છું. મારી મુશ્કેલીઓ દૂર થાય એટલા માટે અહીં અરજી કરવા આવું છું.

આ માળી કહે છે ''મહારાજ ! હું તો સ્વાર્થ ભાવથી આવ્યો હતો. મને એમ હતું કે જેતલપુરમાં ઘણા બધા ભક્તો ભેગા થયા છે અને મારા આ ફુલ લઈને હું જાઉં તો બધાં ફુલ ટપોટપ વેચાઈ જાય. અને મારૂં કામ થઈ જાય. પણ મહારાજ ! બધા ભક્તોને ફૂલ મળ્યાં, બધા સંતોને મળ્યાં પણ મારૂં કામ થવાનું તો બાકી જ રહી ગયું.'' શ્રીજીમહારાજ કહે છે, ''જો આ ફૂલના તું હાર બનાવ.'' માળીએ ત્યાંને ત્યાં ભાવથી ગૂંથીને હાર બનાવ્યા. મહારાજે એના હાર સ્વીકાર્યા. કંઠમાં ધારણ કર્યા.

સ્વામિનારાયણ ભગવાન ભક્તોને કહે છે, જુઓ આ ફૂલના હાર કેવા લાગે છે ? મહારાજ ! બહુ સરસ લાગે છે. તો અમે આ પુષ્પના હાર સ્વીકાર્યા છે. હવે આ દાગીનાની જરૂર નથી. ભક્તોએ જે દાગીના પહેરાવ્યા હતા તેમાંથી સોનાનો હાર અને વીંટી હતી એ કાઢી માળીને આપી દીધી. બોલ, તારૂં કામ થયું હવે ? આ માળી એટલો બધો ખુશ થઈ ગયો. ઓ....હો....હો.... મહારાજ હું આ આખી ટોપલી વેચી દેત ત્યારે અડધો રૂપિયો માંડ મળત. સ્વામિનારાયણ ભગવાન કહે છે, ''આ લઈ જા, અમારૂં ભજન કરજે, તું કાયમ સુખી થઈશ.''

પરમાત્મા આપે ત્યારે એવું આપે, એવું આપે કે જીંદગી સુધરી જાય. પ્રભુએ કહ્યું, તું કાયમ સુખી થઈશ. એમ ન કહ્યું કે આ સોનું ચાલશે એટલા દાડા સુખી થઈશ. તું કાયમ સુખી થઈશ. જે ભજન કરે, ભગવાનની ભક્તિ કરે એ કાયમ સુખી. નિઃસ્વાર્થભાવથી ભજન કરનાર થોડા હોય પણ સાંસારિક મુશ્કેલી હોય, કાંઈક તકલીફ આવી હોય એ મીટાવવા કંઈને કંઈ થોડો સ્વાર્થભાવ હોય. એ સ્વાર્થભાવ સાથે ભજન થાય એ પણ ખોટું નથી. નિષ્કામ ભક્ત હોય કે સકામ ભક્ત પણ ભજન કરે એના ઉપર ભગવાન રાજી થાય છે.

વ્હાલા મિત્રો ! જીવનમાં સદ્‌ગુણો રૂપી પુષ્પોનો પમરાટ પ્રસરે અને ભજન-ભક્તિની કુસુમમાળા ભગવાન ધારણ કરી સદાય રાજી રહે અને સદૈવ સુખી રાખે એવી આ નૂતન વર્ષે સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે બાલવાટિકાના વાચક મિત્રોને નૂતનવર્ષાભિનંદન સહ સપ્રેમ જય સ્વામિનારાયણ.

## બોધ કથા

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

સંસ્કૃતની એક ઉક્તિ ખૂબ સરસ છે. તેમાં જ્ઞાની વિદ્વાન માણસની મહત્તા દર્શાવાઈ છે.

स्वगृहे पूज्यते मुर्ख, स्वग्रामे पुज्यते प्रभुः ।

स्वदेशे पूज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते ॥

શ્લોકનો અર્થ છે : મૂર્ખ માણસ પોતાના ઘરમાં જ માન-સન્માન મેળવે છે. ગામનો આગેવાન પોતાના ગામમાં જ માન-સન્માન મેળવે છે. જે તે દેશનો રાજા પોતાના દેશમાંજ માન-સન્માન મેળવે છે. પરંતુ જે વિદ્વાન છે, જે જ્ઞાની છે તે સમગ્ર દુનિયામાં જ્યાં જાય તે દરેક જગ્યાએ માન-સન્માન, યશ, કીર્તિ, પ્રતિષ્ઠા મેળવે છે.

એક નાની બોધ કથા પરથી આપણે જ્ઞાન અને વિદ્વતાનું શું મહત્વ છે તે જાણીએ.

એક વિશાળ જંગલમાં મોટો આશ્રમ હતો. આ આશ્રમમાં એક મહાજ્ઞાની, વિદ્વાન અને તપસ્વી એવા ગુરૂ રહેતા હતા. આ આશ્રમમાં વિદ્યાભ્યાસની ખૂબજ સારી પ્રવૃતિ થતી. ઘણા બધા વિદ્યાર્થીઓ આ આશ્રમમાં રહેતા. તેઓને જ્ઞાન, સેવા, સદાચારના પાઠ ગુરૂ આપતા અને વિદ્યાર્થી વિદ્યાભ્યાસની સાથે સાથે ગુરૂનિશ્રામાં રહીને માનવજીવનની સાર્થકતા રૂપ પ્રભુ ભજન કરી પોતાના ઉચ્ચતમ જીવનની ઈમારતનો પાયો મજૂબત કરતા હતા.

એક દિવસની વાત છે. ગુરૂના સાનિધ્યમાં બેસીને વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસની પ્રવૃત્તિ કરતા હતા. સંધ્યાકાળ થયો અને અંધારૂ થવા લાગ્યું એટલે ગુરૂએ વિદ્યાભ્યાસ પૂર્ણ કરાવી પોતાનું પુસ્તક બાંધ્યુ ને એક શિષ્યને પુસ્તક સ્વસ્થાને મુકી આવવા કહ્યું. શિષ્ય પુસ્તક લઈને ઝૂંપડીમાં મુકવા તો ગયો પણ એકદમ ચીસ પાડીને પાછો આવ્યો. ગુરૂએ અચરજ સાથે પૂછ્યું - શું થયું બેટા ? તો શિષ્ય બોલ્યો - ગુરુજી અંદર તો સર્પ છે. શિષ્યના મૂખ પર ગભરામણના ભાવ સ્પષ્ટપણે જોઈ શકાતા હતા.

ગુરુ કહે - બેટા ! જરાય ગભરાઈશ નહીં. હું તને એક મંત્ર શીખવાડું છું. તે તું અંદર જઈને બોલ તેથી સર્પ ભાગી જશે. મંત્ર લઈને શિષ્ય ગુરુ વચનમાં શ્રધ્ધા સાથે અંદર ગયો અને મંત્રનો જપ કર્યો પણ સર્પ ન ગયો. બે, ત્રણ, ચાર, પાંચ......... દસ વાર જપ કર્યા પણ સર્પ ન ખસ્યો તે ન જ ખસ્યો. તેથી શિષ્ય બહાર આવ્યો. અને કહેવા લાગ્યો કે મંત્ર બોલવા છતાં સર્પ જતો નથી. આપના કહ્યા મુજબ પુરી શ્રદ્ધા અને નિષ્ઠાથી મેં મંત્ર જાપ કર્યો તેમ છતાં સર્પ ન ગયો, જવાની તો ક્યાં વાત, જરાયે ખસ્યો પણ નહીં.

શિષ્યે જ્યાં આટલી રજૂઆત કરી કે ગુરૂ તરત જ બધું જાણી ગયા. પછી ગુરૂ શિષ્યને કહેવા લાગ્યા. વત્સ ! હવે આ મંત્ર કામ ન લાગ્યો કાંઈ નહી તું આ દિવો લઈને અંદર જા.... આ શિષ્ય દિવો લઈને અંદર ગયો અને પાછળને પાછળ ગુરૂ તથા બીજા શિષ્યો પણ ઝૂંપડીમાં ગયા. દિવાના પ્રકાશમાં જોયું તો ખબર પડી કે તે સર્પ નહોતો પણ દોરડું પડ્યું હતું. બધાજ ખડખડાટ હસી પડ્યા. પછી ગુરુ બોલ્યા. - હે વિદ્યાર્થીઓ ! આ બનાવ ઉપરથી બહુ મોટો બોધ પ્રાપ્ત થયો, કાંઈ ખ્યાલ આવ્યો તમને ? બધા ગુરુ તરફ જોઈ રહ્યા. ત્યારે ગુરુ કહેવા લાગ્યા - અંધારામાં જેને સર્પ માની ગભરાતા હતા પણ દિવાના પ્રકાશથી હકીકત શું છે, સાચું શું છે તેનો ખ્યાલ આવ્યો. ખરૂને ?

જેમ દિવો પ્રકાશ આપે છે તેમ સાચું જ્ઞાન પણ પ્રકાશ આપે છે. જીંદગીનું સાચું રહસ્ય મેળવવું હોય, સુખનો રસ્તો શોધવો હોય તો જ્ઞાનરૂપી દિવાની જરૂર પડે છે. જે વ્યક્તિ પાસે જ્ઞાનરૂપ દિવો નથી, તેવો અજ્ઞાની જ્ઞાનરૂપ પ્રકાશના અભાવે જ્યાં ને ત્યાં અંધારામાં અથડાશે અને ભય ન હોવા છતાં જ્ઞાનના અભાવે ભય પામીને દુઃખી થશે. જીવનમાં અજ્ઞાન જેવું બીજું કોઈ અંધારૂં નથી. આ અજ્ઞાનરૂપ અંધારાને જ્ઞાનરૂપ દિવાથી જ દૂર કરી શકાય છે. બીજો કોઈપણ ઉપાય અજ્ઞાનરૂપ અંધારાને દૂર કરી શકતો નથી. માટે જ્ઞાની બનવું ખૂબ જરૂરી છે.

ગુરૂના મુખે આ વાત, આ બોધ સાંભળીને શિષ્યોને જ્ઞાનરૂપી દિવાનું મહત્વ સમજાયું. મિત્રો ! જ્ઞાનનું શું મહત્વ છે, જ્ઞાન જીવનમાં કેવી રીતે ઉપયોગી બની રહે છે તેનો ખ્યાલ આવ્યો ને ? આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે જીવન ઉપયોગી એવું જ્ઞાન આપણને મંદિર, સંત સમાગમ તથા શાસ્ત્રોના વાચનથી સહેજે સહેજે પ્રાપ્ત થઈ શકે તેવો સુગમ માર્ગ એટલે કે સંસ્કારી ધાર્મિક ને પવિત્ર આચરણ વાળા સત્સંગી કુટુંબમાં જન્મ મળ્યો છે, સત્સંગીનો સાચો યોગ પ્રાપ્ત થયો છે તો શરૂ થતા નવા વર્ષમાં વધુને વધુ સત્સંગનો યોગ પ્રાપ્ત કરી વધુને વધુ જ્ઞાની બની જીવનને ધન્ય બનાવીએ તેવી શુભેચ્છા સહ સહુને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન સાથે જય સ્વામિનારાયણ.

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "નૂતન વર્ષમાં દઢ સંકલ્પ કરીએ કે આપણે દુર્ગુણો રહિત થઈ ધર્મમય જીવન જીવીએ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આજે જગતમાં જોઈએ ને તો મોટામાં મોટી ખોટ છે તે **સમયની** છે. અને આપણો સૌથી વધારે સમય બગાડે છે તે **'ઈર્ષા'** છે. કેમ કે, ઈર્ષા આપણને સૌથી મોટી સમયની **'હાનિ'** પહોંચાડે છે. તે આપણો મોટામાં મોટો **'શત્રુ'** છે. કારણ કે આપણને કોઈના પ્રત્યે ઈર્ષા થાય ત્યારે આપણે જે **વ્યર્થના વિચારો** કરીએ છીએ ત્યારે તેમાં કેટલો બધો સમયનો **'વ્યય'** થાય છે. જે સમય આપણો વ્યર્થના વિચારોમાં બગડે છે તે સમય ક્યારેય પાછો આવતો નથી. અને સમય તે બહુ કિંમતી વસ્તુ છે. આજે તમે જુઓ તો કોઈની પાસે સમય જ નથી. આજે જો સૌથી મોટામાં મોટી વસ્તુ તમે કોઈને આપી શકો તો એ તમારો સમય છે. દસ કરોડ કરતા દસ મિનિટ વધારે મહત્વની છે. તો જે સમય આપણે બીજાની ઈર્ષા કરીએ ત્યારે તેના વિચારમાં વેડફાઈ જાય છે તે સમય આપણે થોડી વાર માટે પણ કોઈના મુખ પર મુસ્કાન આવે તેમા વાપરીએ તો તે વધારે મહત્વનું છે.

બીજુ છે **'ગર્વ' 'અભિમાન', અહંકાર'** તો સાંભળવામાં આ ત્રણેય શબ્દો એક જ સરખા લાગે છે. પરંતુ ત્રણેયમાં ફેર છે. ધારો કે આપણે કોઈ કાર્ય માટે પરિશ્રમ કરીએ અને એ કાર્ય સારુ થાય તો આપણને ગર્વની અનુભૂતિ થાય છે. અને કરેલા કાર્યમાં જો સફળતા મળી જાય તો **'અભિમાન'** આવી જાય છે. અને અભિમાન આવે છે ત્યાં સુધી બહુ વાંધો નથી આવતો પરંતુ એ અભિમાન અહંકારમાં પરિવર્તિત થાય છે ત્યારે તકલીફ પડે છે. તો **એ અભિમાન અહંકારમાં પરિવર્તિત થાય તેની ખબર કેવી રીતે પડે ?** તો જ્યારે આપણી અંદર એવી ભાવના આવે કે આપણે બીજાને આપણા કરતા નીચા બતાવવા છે તો તેને **'અહંકાર'** કહેવાય. એવી લાગણી આવે ને આપણા મનમાં ત્યારે **સાવધાની રાખવી.** આપણું મન છે તે ચંચળ છે. આપણે ના કહીએ તે કામ પહેલા કરશે. નાના બાળકને આપણે ચોકલેટ ખાવાની ના કહીએ ને તો ચાર ને બદલે આઠ લેશે. તો જે વસ્તુની ના છે એ પહેલા કરવાનુ મન થશે. **કેમ કે, મનને બંધન તોડવાનું મન થાય છે. તેમાં તેને એક રોમાંચનો અનુભવ થાય છે કે મે બંધન તોડ્યું !** પરંતુ સમાજ સુધારણા માટે અમુક હદ સુધી બંધન તોડવું જરૂરી છે. દા.ત. પહેલાના સમયમાં છોકરીઓને ભણાવતા નહિ નાની ઉંમરમાં લગ્ન કરી દેતા. સમાજમાં દીકરીઓ ભણે નોકરી કરે તે બહુ જરૂરી છે. એના માટે બંધન તોડી શકાય એ રીતે બંધન તોડવામાં વાંધો નથી. પરંતુ **મર્યાદા ક્યારેય નહિ તોડવાની. 'બંધન અને મર્યાદામાં ફેર છે.' તો કેવી રીતે ? મર્યાદા શું છે ?** તો આપણે સામેની વ્યક્તિને જે હદને પાર કરવાની **'અનુમતિ'** નથી આપતા. બીજાને આપણે સીમા આપી દઈએ છીએ કે તે હદને પાર ના કરે. તો બીજાના માટે આપણે સીમા બનાવી દઈએ છીએ જે આપણે આપણા માટે નક્કી કરેલું છે. અને તે સામે બીજા માટે પણ હોય છે. તો આપણે જે **'અપેક્ષા'** રાખીએ છીએ તેમાં આપણે પણ જોવું પડે છે. આપણે પણ બીજાની સાથે એવી જ રીતે વર્તવાનું. **'મોહ' અને 'આસક્તિ' નહિ રાખવાના, કેમ કે ? આપણી પાસે સિમીત 'સમય' છે.** આપણે આ દુનિયામાં આવ્યા છીએ તો પ્રેમથી ક્યાંય વધારે પડતો મોહ નહિ રાખવાનો, ભાઈ-બહેન, પતિ-પત્ની, પિતા-પુત્ર, માતા-દીકરી બધા જે સંબંધો છે તેમાં કોઈકને કોઈક સમય તો એવો આવવાનો જ છે કે બધાએ છૂટા પડવું જ પડે છે. ભાઈ-બહેન હોય, માતા-પિતા હોય, દીકરા-દીકરી હોય તો બધા થોડા સમય માટે રડે. પતિ-પત્ની હોય તો વધારે રડે પરંતુ અમુક સમય થાય એટલે બધું ભૂલાઈ જાય છે. આપણને ખબર નથી કે આ જન્મમાં આપણા જે નજીકના સગા છે તે **પૂર્વ જન્મમાં આપણા કોણ હતા ?** અથવા તો હવે પછીના જન્મમાં આપણા શત્રુ થઈ જશે કે કોણ હશે ?

તો દરેક જગ્યાએ ફરજ પુરી કરવાની **'આસક્તિ'** નહિ રાખવાની. જો અતિશય લોભી માણસ હોય તેને દરિયો પાર કરવો હોય અને કાંઈક સંકટ આવે અને તેની સાથે સંપત્તિ હોય તો એ **સમયે પૈસાનો અતિ લોભ કરવા જાય તો !** નહિ ચાલે, એ સમયે છોડવું જ પડે. નહિતર પૈસાના ભારથી ડૂબીને મરી જાય છે. તેમ આપણે પણ આ ભવસાગર પાર કરવાનો છે. તો તેમાથી બહાર નીકળવુ હોય તો **છોડવું જ પડે !** નહિ તો એક સમય એવો આવે છે કે પસ્તાવાનો વારો આવે છે. અને દુઃખ સહન કર્યા જ કરો, આ લખચોર્યાસીમા ફર્યા જ કરો બહાર નહિ નીકળી શકાય. ભવસાગર પાર નહિ થાય તો **સમજીને સત્સંગ કરવાનો અને સતત આ ભવસાગરમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરવાનો. ધ્યાન રાખીને દુર્ગુણોને છોડતા જવાનું. કેમ કે ? 'મહારાજે આપણને આ 'સત્સંગ' આપીને જવાબદારી સોંપી છે કે સાચા રસ્તે જવાનું'. તો અમે અને સંતો જેટલું થાય તેટલું કાર્ય કરીએ છીએ બીજું તમારા ઉપર છે.** જે વસ્તુ આપણને નડતરરૂપ થાય મોક્ષ માટે વિઘ્નરૂપ હોય તે નહિ કરવાનું. મહારાજે કહ્યું છે ને કે ગુરુનું પણ એવું વચન નહિ માનવાનું જે આપણને ધર્મમાંથી પાડી દે. કોઈપણ કાર્ય ધર્મમાં રહીને જ કરવાનું. તો આપણને કોઈ એવા વ્યક્તિની સાથે જીવનમાં કોઈ એવો પ્રસંગ આવી જાય કે તે વ્યક્તિ આપણને ધર્મમાંથી પાડી દે. તો **પહેલા એના અંદર રહેલી બૂરાઈને દૂર કરવાનો પ્રયત્ન કરવાનો. નહિ તો પછી આપણે દૂર થઈ જવાનું, અર્થાત્ આપણે સારા રસ્તે જવું હોય તો દરેક જગ્યાએથી આસક્તિ તોડવી જ પડશે !** સર્પ જ્યારે આવીને તમારા પગમાં આળોટશે અને મોકો જોઈને તમને કરડશે. માટે પોતાનો પણ ખ્યાલ રાખવાનો કોઈ બહુ વિનયથી વાત કરે તો સાવધાન રહેવાનું. મોકો મળે ત્યારે ગળું પણ કાપશે. તો નવા વર્ષમાં એવો સંકલ્પ કરવાનો કે આપણે મજબૂત બનીએ કે, **આપણામાં રહેલા દુર્ગુણો દૂર થાય અને ભગવાન અને આપણા વચ્ચે જગત ના આવે તેવો પ્રયત્ન કરવાનો છે.** જે હરિભક્તો દરરોજ શ્રી નરનારાયણદેવના દર્શન કરે છે તેમને ખબર છે. રોજનો અનુભવ છે. **આ અનુભવ માત્ર મને છે એવું નથી. સાંખ્યયોગી બહેનોને, સંતોને, હરિભક્તોને બધાને છે. જે રોજ આવતા હશે તેને પણ ખબર છે કે, શ્રી નરનારાયણદેવના મુખારવિંદનો જે ભાવ છે તે દરરોજ જુદો જ હોય છે. 'ભગવાન અને આપણા વચ્ચે જગત ના આવે ત્યારે આ અનુભૂતિ થાય છે.'**

●

**દર્શન કરવાની આદર્શ રીત**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભારતીય અધ્યાત્મ પરંપરામાં મંદિરમાં ભગવાનના દર્શનનો અનેરો મહિમા છે. ભગવાનના દર્શન કરવાથી અંતરમાં દિવ્ય શાંતિનો અનુભવ થાય છે. ભગવાનના દર્શન કરવાથી અનંત જન્મના પાપ બળી જાય છે. અને પુણ્યનો ઉદય થાય છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં સત્સંગી માત્રને આજ્ઞા કરી છે જે, સત્સંગીએ નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જાવું ને ઉચ્ચે સ્વરે કરીને કીર્તન કરવું. આમ મહારાજે દર્શને જવાની આજ્ઞા આપી છે. ભગવાને વચનામૃતમાં સુંદર માર્ગદર્શન આપ્યું છે જે પરમેશ્વરના દર્શન એકાગ્ર મનથી કરવા. પણ ફાટી દ્રષ્ટિએ ન કરવા. દર્શનમાં નિત્ય શ્રધ્ધા રાખવી. દર્શન કરતી વખતે કોઈ આવ્યું - ગયું તો તે તરફ વૃત્તિ જવા ન દેવી. દર્શન મૂકીને વૃતિ તે તરફ જવા દે તો તે લૌકિક દર્શન થાય છે. એવા ભક્ત પર ભગવાનને સંત રાજી થતા નથી. ને તે પણ દિવસે દિવસે સત્સંગમાંથી પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. આ પ્રમાણે શ્રીજી મહારાજે દર્શન કરવાથી ભગવાનને પ્રત્યક્ષ મળ્યાના આનંદની અનુભૂતિ થાય છે.

સ્વામિનારાયણ ભગવાને સારંગપુરના વચનામૃત-૨ માં કહ્યું છે કે પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવા ત્યારે મને સહિત દષ્ટિએ એકાગ્ર રાખીને કરવા. અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ પક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરના દર્શનમાંથી વૃત્તિ તોડીને આડી અવળી, ઉંચી નીચી દષ્ટિ કરીને તેના પણ ભેળા દર્શન કરતો જાય એ તો ખિલકોડી બોલે ને પૂંછડું ઉચું કરે એવા દર્શન કહેવાય. આવા દર્શનથી પરમેશ્વર કે મોટા સંત રાજી થતા નથી. સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે ''જેમ નટ ચડે વળી વાંસડે જોવા મળે સઘળું ગામ. પણ નટ ન જુએ કોઈને જો જુવે તો બગડે કામ.'' જેમ ગામમાં કોઈ નટ પાતળા વાંસ

ઉપર ચાલતો હોય ત્યારે તેને જોવા આખું ગામ ઉમટ્યું હોય અને બધા તેનો ખેલ જોતા હોય. પરંતુ નટની દૃષ્ટિ તો વાંસ ઉપર જ સ્થિર હોય છે. જો તે આડા અવળી નજર કરે તો તેનો ખેલ બગડી જાય છે. તેમ મંદિરમાં દર્શન કરતી વખતે ભગવાન સિવાય ક્યાંય દૃષ્ટિ ન હોવી જોઈએ. ભગવાનના દર્શન કરતા જો આડું અવળું ધ્યાન જાય તો દર્શન કર્યા ન કર્યા જેવા જ કહેવાય. જેનું ફળ મળતું નથી. જ્યારે દર્શન કરે ત્યારે મને સહિત દૃષ્ટિ રાખીને કરે તો તે દર્શન એવું થાય જે વિસારે તોય પણ વિસરે નહિ. ને બીજાને તો દર્શન થયું છે તોય પણ ન થયા જેવું જ છે. કાંજે એણે દર્શન કર્યા તે સમે એનું મન તો ક્યાંય ફરતું હતું. માટે એ દર્શન એને કાંતો એક દિવસમાં વિસરી જાય અથવા પાંચ દિવસમાં વિસરી જાય. અથવા પચાસ દિવસમાં અથવા છ મહિનામાં અથવા વર્ષમાં જરૂર વિસરી જશે. માટે મહારાજે કહ્યું છે નખશિખા પર્યંત મૂર્તિ નીરખવી. ભગવાનના અંગે અંગનું દર્શન કરીને પછી તે અંગે અંગનું મનન ને નિદિધ્યાસ કરવો. તોજ સાક્ષાત્કાર થશે.

મહારાણી કુશળકુંવરબા અંગો અંગ નીરખીને દર્શન કરતા હતા. ખૂબજ પ્રેમી ભક્ત હતા. ભગવાન પણ પ્રેમભક્તિને વશ થઈ બંધાય જતા. કુશળકુંવરબાએ એક દિવસ મહારાજને ધર્મપુર પધારવાનું આમંત્રણ આપ્યું. આમંત્રણ સ્વીકારી મહારાજ, સંતો હરિભક્તોના સંઘ સાથે ધરમપુર પધાર્યા હતા. તેમનો ભાવ જોઈને મહારાજ ચાર દિવસ રોકાણા હતા. છેલ્લા દિવસે જમતી વખતે દૂરથી દર્શન કરતા મહારાણીએ શ્રીજીમહારાજને હાથ લૂછવા પોતાનું કિંમતી અંબર આપ્યું. મહારાણીના ભાવ પૂરા કરવાં મહારાજે તે અંબરથી જ પોતાના બંને હાથ સારી રીતે લૂછ્યાં. એમનો ભાવ પૂરો થયો. તેથી તેમની આંખોમાં હર્ષના અશ્રુ આવ્યા ને ભગવાનની મૂર્તિ તેમના અંતરમાં સદાયને માટે વસી ગઈ. ભગવાન જ્યારે ધરમપુરથી નીકળવાની તૈયારી કરતા હતા ત્યારે કુશળકુંવરબાએ ભગવાનને પ્રશ્ન પૂછ્યું કે ''આપે પત્રમાં અનિર્દશથી લિખાવંત એમ લખ્યું છે તો તે અનિર્દેશ એટલે શું ? તે કૃપા કરીને સમજાવો.'' ત્યારે ભગવાને કહ્યુ ધરમપુર એ નિર્દેશ છે. પણ જે પૃથ્વી પર આ રાજ્ય છે તે અનિર્દેશ છે. ૫૦ કરોડ જોજનવાળી આ પૃથ્વી નિર્દેશ છે. પણ જળ તે અનિર્દેશ છે. જળ નિર્દેશ છે. પણ તેજ અનિર્દેશ છે. તેજ નિર્દેશ છે ને વાયુ અનિર્દેશ છે. વાયુથી આકાશ, મહતત્વ પ્રધાનપુરૂષ, પ્રકૃતિપુરુષ, મહાપુરૂષ, અક્ષર આ બધા એકબીજાથી મોટા છે, તેથી અનિર્દેશ છે. આમ અમારૂં અક્ષરધામ અનિર્દેશ છે ને અમે ત્યાનાં નિવાસી છીએ. એ અનિર્દેશની ઓળખાણ જ્યારે થશે ત્યારે પાકા સત્સંગી કહેવાય.

આમ મહારાજની વાણી સાંભળતા સાંભળતા કુશળકુંવરબા એકાગ્ર દ્રષ્ટિથી, સ્થિર મને વૃત્તિ પલટાવીને મૂર્તિ અંતરમાં ઉતારતાં ઉતારતાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરતા હતા. ભગવાનની વાત પૂરી થઈ અને તેમને મૂર્તિ અંતરમાં ઉતરી ગઈ. જેથી મહારાજે વચનામૃતમાં કુશળ કુંવરબાની જેમ વૃત્તિ રાખીને દર્શન કરવા એમ કહ્યું છે. ને કુશળ કુંવરબાને મહારાજે દર્શનની આદર્શ રીત માટેનું સર્ટીફિકેટ આપ્યું છે.

મંદિરમાં ભગવાન હમેંશા મૂર્તિમાં પ્રગટ હોય છે. મૂર્તિ દ્વારા તે પોતાના ભક્તોને આધ્યાત્મિક સુખ આપે છે. માનવીના મનને સ્થિર કરી આધ્યાત્મિક સુખની અનુભૂતિ કરાવે એવું સ્થાન ક્યું ? એવું સ્થાન છે મંદિર. મંદિરો માનવીના મનને સ્થિર કરી તેના હૃદયમાં ભક્તિની જ્યોતિ પ્રગટાવી રહ્યા છે. જ્યારે ભક્ત સજળનેત્રે ગદ્‌ગદ કંઠે, પ્રેમે સહિત, રોમાચિંત ગાત્રે ભગવાનની મૂર્તિ સન્મુખ ભક્તિભાવ પૂર્વક દર્શન-પૂજન અને સેવા કરે છે ત્યારે જ ભગવાનની કૃપા થાય છે. તેને અલૌકિક સુખની પ્રાપ્તિ - અનુભૂતિ થાય છે.

દર્શન માટે મંદિરે જતા દર્શનાર્થીઓને દર્શનનું અનુસંધાન આપતા ગઢડા પ્રથમ-૬૮ ના વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે ''મારી અષ્ટ પ્રકારની પ્રતિમા મૂર્તિમાં હું અખંડ નિવાસ કરીને રહું છું. મૂર્તિમાં સદા પ્રગટ રહી ભગવાન ભક્તોના મનોરથ પૂર્ણ કરે છે. આ મૂર્તિ ધાતુ કે પાષાણ કે આરસની છે એવો ભાવ લાવવો નહિ. પરંતુ સાક્ષાત્ ભગવાન જ છે. એમ પ્રગટનો ભાવ રાખવો. જેથી ઠાકોરજીની મૂર્તિ એ જીવનનું મુખ્ય કેન્દ્ર બની જશે.

મૂર્તિમાં રહેલ સાક્ષાત્ ભગવાન મારો થાળ જમી રહ્યા છે. નેત્ર દ્વારા મને જોઈ રહ્યા છે. કાન દ્વારા મારી પ્રાર્થના સાંભળી રહ્યા છે. એવી ભાવના રાખવી. તોજ ભગવાનમાં પ્રગટ ભાવ જાગશે.

શ્રીજીમહારાજ કહેતા અગણોતેરા કાળમાં ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ વર્ણી રૂપે જગન્નાથપુરી પધાર્યા. ત્યારે તેઓ શ્રી જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કરીને પૂજારીનો ભક્તિભાવ અને છળકપટ સર્વે દેખતા. આમ મૂર્તિમાં રહીને ભગવાન આપણને જુએ છે. આપણી પ્રાર્થના સાંભળે છે. ને આપણી સેવા અંગીકાર કરે છે. માટે મંદિરમાં ભગવાનના દર્શન કરતી વખતે આજુબાજુમાં દર્શનાર્થીઓના હલન ચલન કે ક્રિયાઓમાં ધ્યાન ખેંચાય તો ભગવાનના - દર્શનમાં મન એકાગ્ર થતું નથી. ભગવાનના દર્શન મૂકી અન્ય ક્રિયામાં મન જાય તે ભગવાનને સહેજ પણ ગમતું નથી. તેના ઉપર તો એવી રીસ ચડે છે જે શુ કરીએ સાધુ થયા નહિ તો એને તાડન કરીએ.

દર્શન કરતી વખતે જો મન ક્યાંય ફરતું હોય તો ભગવાને કેવા વસ્ત્રો-અલંકાર ધારણ કર્યા છે. કેવા પુષ્પનો હાર પહેર્યો છે. વગેરે દર્શનની સ્મૃતિ રહેતી નથી. પરંતુ જો એકાગ્ર ચિત્તે દર્શન કરે તો કાયમ માટે મૂર્તિ તેના હૃદયમાં ઉતરી જાય. માટે ભગવાને દર્શનની રીત બતાવી છે તે પ્રમાણે જ દર્શન કરવા.

પરમેશ્વરની ઉપાસના રહેવા સારૂં ત્યાગનો પક્ષ મોળો કરીને મહારાજે મંદિરો કરાવ્યા છે. અને ભગવાનની મૂર્તિઓ પધરાવી છે. માટે અંગો અંગ નીરખી, વસ્ત્રો આભૂષણો નીરખીને દર્શન કરવા તોજ જીવનું કલ્યાણ થશે.

●

## પ્રાર્થના

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

પ્રાર્થના એક પોકાર છે. તેના દ્વારા આપણે આપણી ભાવનાઓને ભગવાન સુધી પહોંચાડીએ છીએ. જ્યારે માણસ કોઈ મુશ્કેલીમાં ફસાયેલો હોય છે ત્યારે આપોઆપ જ એના અંતરમાંથી પ્રાર્થના ફુટી નીકળે છે. એ પ્રાર્થનામાં પોતાને તે મુશ્કેલીમાંથી બહાર કાઢવાનું દર્દ હોય છે. ખરેખર એવું નથી કે ફક્ત દુઃખ પડે ત્યારે જ પ્રાર્થના કરવામાં આવે. આત્મકલ્યાણ માટે તથા લોકકલ્યાણ માટે ગમે ત્યારે પ્રાર્થના કરી શકાય છે. આપણી પ્રાર્થના ભગવાન સુધી પહોંચવી જોઈએ.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પોતાના જીવનમાં પ્રાર્થના ને અનિવાર્ય માનતા હતા. તેઓ દરરોજ નિયમિત પ્રાર્થના કરતા હતા અને લાંબા ઉપવાસ પણ કરતા હતા. તેમનું કહેવું હતું કે ઉપવાસથી શરીર તથા મન શુધ્ધ થાય છે. અને પ્રાર્થનામાં એકાગ્રતા આવે છે. ઉપવાસ દરમ્યાન જે પ્રાર્થના કરવામાં આવે છે તે ભગવાન સુધી અવશ્ય પહોંચે છે.

શ્રીકૃષ્ણની પરમ ભક્ત મીરાના જીવનનો 'સ્ત્રોત' પ્રાર્થના જ હતી. તેઓ પદોના માધ્યમથી પોતાના અંતરના પોકારને નિરંતર ભગવાન પાસે મોકલતા હતા. ભલે મીરા મહેલમાં રહેતા હતા છતાં તેમનું જીવન મુશ્કેલીઓથી ભરેલું હતું. તેમના જીવનમાં કોઈ સુખ નહોતું. તેમના સ્વજનો એક એક કરીને તેમનાથી વિખૂટા પડતા ગયા. જેઓ બાકી રહ્યા તેઓ સ્વજન નહિ પરંતુ શત્રુ બની ગયા હતા. તેઓ મીરાને અપમાનિત કરવાની તથા મારી નાંખવાની તક શોધતા હતા. મીરા પોતાની પીડા અને કરુણ કથની કોને કહે ? કોણ તે સાંભળીને તેની પીડાને ઓછી કરે ? એવા વિકટ સમયે તેઓ ફક્ત ભગવાનને નિરંતર પોકારતા હતા અને ભગવાન પણ હમેંશા તેમનો પોકાર સાંભળતા હતા.

વિશ્વના દરેક ધર્મોમાં જો કોઈ સમાનતા હોય તો તે છે પ્રાર્થના. દરેક ધર્મમાં કોઈને કોઈ રૂપે ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે. પ્રાર્થનાના ચમત્કારિક પરિણામો વિશે બધા જાણે છે. પરંતુ કેટલીકવાર એવું જોવા મળે છે કે પ્રાર્થના કરવાથી તરત કોઈ લાભ થતો નથી. ઘણા ઉપાયો પણ વ્યર્થ થઈ જાય છે. અને માણસ હતાશ થઈ જાય છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે ભગવાનને કરેલી પ્રાર્થના વ્યર્થ ગઈ. પ્રાર્થના કદી નકામી જતી નથી. કારણ કે તેના માધ્યમથી માણસ જીવનની નકારાત્મક પરિસ્થિતિઓમાં સકારાત્મકતા સાથે જોડાય છે.

અંધકારથી ઘેરાઈ જાય ત્યારે પ્રકાશ તરફ જોવાનો પ્રયાસ કરે છે. એનાથી તેના જીવનમાં આશાનો દિપક સળગતો રહે છે. અને તેનાથી તેને હિંમત મળે છે.

ભગવાન સારા લોકોની જ વાત સાંભળે છે ખરાબ લોકોની નહિ એવું નથી. ભગવાન સારા કે ખરાબ લોકો પ્રત્યે કોઈ ભેદભાવ રાખતા નથી. તેઓ સાચા લોકોની પ્રાર્થના સાંભળે છે. છળકપટથી તેઓ દૂર રહે છે. તેથી રામચરિત માનસમાં લખ્યું છે કે 'નિર્મલ મન જન સો મોહિ પાવા કપટ, છલ છિદ્ર ન ભાવાં. ભગવાનને ફક્ત નિષ્કપટ અને સરળ હૃદયના માણસો જ પ્રિય છે અને એમનામાં જ ભગવાન વાસ કરે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

**પ્ર. ૧** હરિભક્તને મૃત્યુનો ભય ક્યારે ટળેને દેહ છતાં જ કલ્યાણ મનાઈ જાય ?

**પ્ર. ૨** કાળના પ્રકાર જણાવો.

**પ્ર. ૩** જીવન પર્યંત કોની સેવા કરવી ? શિક્ષાપત્રી શ્લોક નંબર જણાવશો ?

**પ્ર. ૪** ભગવાનને સંત પોતાને ઘેર આવે ત્યારે હરખ થવો જોઈએ ને ન આવે ત્યારે શોક પણ થવો જોઈએ ?

**પ્ર. ૫** સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી ''પંચરત્ન'' નામનો ગ્રંથ કઈ સાલમાં પૂર્ણ કર્યો છે અને તેમાં કેટલા દોહા અને ચોપાઈઓ સમાયેલી છે ?

**પ્ર. ૬** ''જોવા જઈયે રે, આજ સખી અલબેલો, સંત સભામાં રે, શોભે રંગ ભરેલો....'' - આ કીર્તનના રચયિતાનું નામ જણાવશો.

**પ્ર. ૭** ભગવાનની જે ભક્તિ છે તેમાં કોઈ રીતનું વિઘ્ન ન થાય એવી તે કઈ ભક્તિ છે અને જે ભક્તિમાં કાંઈક વિઘ્ન થાય છે તે કઈ જાતની ભક્તિ છે ?

## સપ્ટેમ્બર-૨૦૧૭ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** પોતાના દાંતથી નાડી તોડી નાખી. **(૨)** ભગવાનને જગતના કર્તા હર્તા જાણે ને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે. **(૩)** આપણો મત વિશિષ્ટા દ્વૈત છે. ગોલોક એવું ધામ છે અને બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે મુક્તિ જાણવી શ્લોક ૧ ૨ ૧. **(૪)** રોહિણી, પૌર્વી, ભદ્રા, મદિરા, રોચના, ઈલા, દેવકી. **(૫)** ૮૯ હજાર હાથી, ૬૦ હજાર રથ, ૨ લાખ ઘોડે સવાર. **(૬)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી. **(૭)** ૧૮૭ દોહરા પદ છે. સંવત ૧૮૭૧ ના શ્રાવણ વદી-૭.

૧ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૪ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૫ ભાવસાર ચંદુભાઈ પી. (નવાવાડજ)
૬ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૭ પટેલ મીનાબેન મહેન્દ્રભાઈ (આંબાવાડી)
૮ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૦ ડાભી ઈશ્વરજી રામાજી (ડાંગરવા)
૧૧ ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૧૨ ભાવસાર વિણાબેન આર. (નવરંગપુરા)
૧૩ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા બહેનોનું મંદિર)
૧૪ પટેલ વિનોદ પી. (વહેલાલ)
૧૫ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર હવેલી)
૧૬ પટેલ મીનાબેન કમલેશભાઈ (કુહા)
૧૭ પટેલ સંગીતાબેન મનોજભાઈ (અંબાપુર)
૧૮ પટેલ ઈલા પ્રવિણભાઈ (અંબાપુર)
૧૯ પટેલ સંગીતાબેન અરુણભાઈ (અંબાપુર)
૨૦ પટેલ ઉષાબેન ચીનુભાઈ (ઉનાવા)
૨૧ પટેલ કોકીલાબેન બાબુભાઈ (સાબરમતી)
૨૨ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૨૩ સોની ઈલાબેન નરેન્દ્રકુમાર (ઘાટલોડીયા)
૨૪ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૫ ડૉ. અરુણભાઈ ડી. (રાણીપ)
૨૬ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨૭ મહંત સ્વામી શા. પ્રેમપ્રકાશદાસજી (સ્વા.મંદિર હિંમતનગર)
૨૮ પટેલ લલિતાબેન રમણભાઈ (સાબરમતી)
૨૯ પટેલ શારદાબેન હીરાભાઈ (સાબરમતી)
૩૦ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૧ મોદી ભરતભાઈ અમૃતલાલ (માણસા)
૩૨ સાં.યો. બહેનો વાવોલ (સ્વામિનારાયણમંદિર)
૩૩ સોની પલ્લવી આર. (સુરેન્દ્રનગર)
૩૪ પટેલ જયંતિભાઈ અંબાલાલ (માણસા)
૩૫ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણાસ)
૩૬ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (સોજા)
૩૭ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૩૮ ઝોલાપરા શોભના કે. (સુરેન્દ્રનગર)
૩૯ ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૪૦ પટેલ ઉષાબેન એમ. પટેલ, શારદાબેન એચ. (વાવોલ)
૪૧ ભક્તિનગર મંદિર (મેમનગર)
૪૨ અડાલજા કંચનબેન બાબુબાઈ (રતનપર)
૪૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૪ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૫ સાં.યો. બહેનો શ્રી સ્વા. મંદિર જુનું (મોરબી)
૪૬ પટેલ શારદાબેન રતિલાલ (સાબરમતી)
૪૭ પટેલ કિંજલ ભરતકુમાર (સાબરમતી)
૪૮ પટેલ ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ (નવા વાડજ)
૪૯ પટેલ ઘનશ્યામભાઈ નાગરદાસ (નવાવાડજ)
૫૦ પટેલ રક્ષાબેન ગણપતભાઈ (મેમનગર)
૫૧ સાં.યો. કંચનબા તથા કુંદનબા (મેડા)
૫૨ પૂજારી મહેશભાઈ (સ્વા. મંદિર જીવરાજપાર્ક)
૫૩ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ-બાપુનગર
૫૪ ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ઘુંટુ)
૫૫ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટુ)
૫૬ પટેલ વસંતીબેન જયંતીભાઈ (ઊંઝા)
૫૭ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનો (ઊંઝા)
૫૮ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૫૯ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રકુમાર (રાજપુરવાળા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શરદોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ દિને મંદિરના વિશાળ ચોકમાં પરંપરાગત રીતે શરદોત્સવ ઉજવાયો. શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળે શરદોત્સવના કીર્તનના પદો સુંદર ઢાળમાં ગાયા હતા. શ્વેત વસ્ત્રોના સુંદર મંડપમાં શ્રીહરિ બિરાજમાન થકા દર્શન આપતા હતા. પૂર્ણાહુતિની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. છેલ્લે સૌ ભક્તોને દૂધપૌંવાનો પ્રસાદ વહેંચાયો હતો. (શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં દિવાળીના ઉત્સવોની ઉજવણી**

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાંનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના સુંદર માર્ગદર્શનથી દિવાળીના ઉત્સવો ધામધૂમપૂર્વક ઉજવાયા.

<u>કાળી ચૌદશ :</u> શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ધર્મકુળના કુળ દેવતા શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-અર્ચન અને અન્નકૂટ આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થઈ હતી. પૂજારી પાર્ષદ બાબુ ભગત અને મહાદેવ ભગતે દાદાને સુંદર વાઘા શણગાર ધરાવ્યા હતા. સિંહાસન પણ અદ્‌ભુત શણગાર્યું હતું. હજારો ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

<u>દિવાળી-દીપોત્સવી સમૂહ શારદા પૂજન-ચોપડા પૂજન :</u> પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ સાનિધ્યમાં પ્રસાદીના અલૌકિક સભા મંડપમાં દિવાળીના શુભ દિને પરંપરાગત મુજબ સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સાંજે ૬-૩૦ થી ૮-૦૦ સુધી શાસ્ત્રોક્ત વિધિથી મંદિરના વિપ્રો દ્વારા સુંદર રીતે સંપન્ન થયું. ૭૦૦ જેટલા વહેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ચોપડાનું ધર્મકુળના વરદ્ હસ્તે પૂજન કરાવીને ખૂબજ ધન્યતા અનુભવી હતી.

<u>નૂતન વર્ષ છપ્પન ભોગ અન્નકૂટોત્સવ :</u> પ્રાતઃ ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતીમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને શ્રી નરનારાયણદેવના દર્શન કરી સૌને દર્શન આશીર્વાદ આપી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પધાર્યા હતા. ત્યારબાદ ૬-૩૦ કલાકે શણગાર આરતી થઈ હતી. બપોરે ૧૨-૦૦ કલાકે છપ્પન ભોગ અન્નકૂટ આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ દર્શન કરીને બેઠકમાં સૌને દર્શન આશીર્વાદ આપ્યા હતા. તેજ રીતે હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સર્વે બહેનોને નવા વર્ષના આશીર્વાદ આપ્યા હતા. આજે સાંજના ૫-૦૦ સુધી શહેરના હજારો ભક્તજનોએ શ્રી નરનારાયણદેવના દર્શન કરી નૂતન વર્ષને મંગલમય બનાવ્યું હતું.

સમગ્ર દિપોત્સવમાં ચોપડા પૂજન - અન્નકૂટ અને ગામો ગામ તેનું વિતરણ ટોપલા, ટોપલીઓ, બોક્ષ-થેલીઓ ભરાવીને ફક્ત બેજ દિવસમાં અમદાવાદના ૫૦૦ જેટલા ગામોમાં અન્નકૂટ પ્રસાદ પહોંચાડવાની સંપૂર્ણ સેવામાં બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કો. જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી, હરિપ્રિય સ્વામી, ભક્તિ સ્વામી અને આદિ સંતો-પાર્ષદો અને બાપુનગર કાઠીયાવાડી હરિભક્તો આદિ સૌ જોડાયા હતા. નિજ મંદિરને ભવ્ય રોશનીથી શણગાર્યું હતું. મંડળધારી સંતોએ ગામો ગામ પ્રસાદ વિતરણની સેવા બજાવી હતી.

(શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રયાગ (યુ.પી.) દ્વારા નૂતન મંદિર નિર્ભય પટ્ટીમાં કથા પારાયણ**

સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા આપણા પ્રયાગ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ. સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી અને કોઠારી પાર્ષદ શ્રી કમલેશ ભગતના માર્ગદર્શનથી અત્રે પ્રયાગથી ૭૦ કિલોમીટરના અંતરે આવેલા સત્સંગના સાવ નવા વિસ્તાર નિર્ભય પટ્ટી (ચાંદપુર) (જી. પ્રતાપગઢ) ગામમાં નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રી નરનારાયણદેવ તાબાનું) ના ઉપક્રમે તા. ૩-૧૦-૧૭ થી તા. ૯-૧૦-૧૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા.સ્વા. ભક્તિકિશોરદાસજી (વડતાલ)ના વક્તાપદે હિન્દી ભાષામાં થઈ હતી. જેના યજમાન પ.ભ. ગણપતી શુકલા પરિવાર રહ્યાં હતાં.

આ પ્રસંગે પોથીયાત્રા ધામધૂમથી સંપન્ન થઈ હતી. કથામાં આવતા ઉત્સવો પણ ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવ્યા હતા.

વક્તાશ્રીએ મૂળ સંપ્રદાય, શ્રી નરનારાયણદેવ ગાદી અમદાવાદ અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીની પરંપરા અને ધર્મકુળનું મહિમા માહાત્મ્ય સુંદર રીતે સમજાવ્યું હતું.

આ પ્રસંગે પ્રયાગ મંદિરના પૂજ્ય મહંત સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજીએ અનેક લોકોને વ્યસન મુક્તિ અને ૨૫૦ થી ૩૦૦ જેટલા નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી શ્રી નરનારાયણદેવ ગાદીના આશ્રિત બનાવ્યા હતા. શા.

મુક્તપ્રકાશદાસજીએ સુંદર સભા સંચાલન અને સ્વામી લક્ષ્મીનારાયણદાસજીએ ઠાકોરજીના થાળની સુંદર સેવા બજાવી હતી. અન્ય સંત મંડળે સુંદર ઢાળમાં નંદ સંતોના કીર્તનોના પદ ગાયા હતા. યજમાન પરિવાર અને તેમના સગા સ્નેહી અને અનેક ધર્મપ્રેમીજનોએ કથાનો અલૌકિક લાભ લઈ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનને ઓળખી જીવન ધન્ય બનાવ્યું હતું. પૂ. મહંત સ્વામીએ યજમાન પરિવારનું સુંદર સન્માન કરી સંપ્રદાયની પરંપરા સમજાવી હતી. તમામ કથામાં આવતા ભક્તોને પ્રસાદરૂપી ભોજન જમાડવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં પૂ. મહંત સ્વામીના પ્રયાસથી સ્વામિનારાયણ નામ ગુંજતું થયું છે. અને વિશેષ ગુંજતું થશે.

(સાધુ રામાનુજદાસ - પ્રયાગ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી સત્સંગ સભા**

પરમકૃપાળુ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી દ્વારા છેલ્લા ઘણા સમયથી દર માસે સુંદર સત્સંગ સભા થાય છે. તા. ૧૭-૯-૧૭ ને રવિવારના સાંજના પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સત્સંગ સભા થઈ હતી. યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. દરેક ભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ.

**અંજલી મંદિરમાં મહિલા સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી દર બેસતા મહિને અત્રે અંજલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બહેનોનું) સત્સંગ સભા યોજવામાં આવે છે. જેમાં કાલુપુર મંદિરથી સાંખ્યયોગી બાઈઓ કથાવાર્તા ધૂન-કીર્તન કરી બહેનોને લાભ આપે છે.

તા. ૨૧-૯-૧૭ ને ગુરુવારના પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથા શ્રવણ કરીને બહેનોને રૂડા આશીર્વાદ આપી નિયમિત સત્સંગ સભાનો લાભ લેવા આજ્ઞા કરી હતી. બહેનોએ પ.પૂ. ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી હતી. સૌ બહેનોએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. (કોઠારીશ્રી અંજલી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ બાળ સભા-શરદોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી અત્રે બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરના ભાવિ પેઢીમાં ઉત્તરોત્તર સત્સંગ જળવાય તે માટે દર રવિવારે બાળ મંડળ - બાલિકા મંડળની સુંદર બાળ સભા થાય છે. કોઠારી અમૃતભાઈ પટેલ દ્વારા કાલુપુર મંદિર તરફથી બાળકોને બાળ સત્સંગની પુસ્તિકા, પેન, પેન્સીલ, રબ્બર, ફૂટપટ્ટી, બેગ આદિ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૫ માં જન્મોત્સવ દિને (વિજયા દશમી) સુંદર રાસ ગરબા કરી સૌને પ્રસાદ જમાડેલ.

શરદોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો. બહેનોને (સારા ગરબા ગાનાર) શ્રીહરિનું સ્વરૂપ ભેટ આપી સૌને દૂધ પૌંવાનો પ્રસાદ આપ્યો હતો. (પ્રવિણ ઉપાધ્યાય - બોપલ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ૪૫ મો જન્મોત્સવ**

પરમકૃપાળુ પરમાત્મા સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાધ્ધ પક્ષમાં અત્રે પેથાપુર મંદિરમાં પ.ભ. કનુભાઈ અંબાલાલ પટેલ તરફથી સુંદર કથા મહંત સ્વામી ધર્મપ્રવર્તકદાસે કરી હતી. હરિભક્તોએ કથાશ્રવણ કરી ધન્યતા અનુભવી હતી. સભા સંચાલન શા.સ્વા. પરોપકારદાસે કર્યું હતું.

વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૫ મો જન્મોત્સવ સૌ સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. મંગળા આરતી બાદ સવારના ૬ થી સાંજના ૬ સુધી અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સૌએ સાથે મળી કરી હતી. ધૂન બાદ સ.ગુ. ઘનશ્યામજીવન સ્વામીએ ધર્મકુળની આજ્ઞામાં રહી સત્સંગની પ્રવૃતિ કરવી અને શિક્ષાપત્રી પ્રમાણે જીવન જીવવું તેમ સુંદર ઉપદેશાત્મક વાતો કરી હતી. મહંત સ્વામીએ હરિભક્તો દ્વારા બનાવેલ કેક કાપી જન્મોત્સવ ઉજવ્યો હતો. તમામ ભક્તો ને પ્રસાદ જમાડવામાં આવેલ. બાલવા ગામના થી નરનારાયણદેવ યુવક મંડળ સુંદર રાસ રમ્યા હતા. છેલ્લે ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી.

સમગ્ર પ્રસંગમાં ડૉ. પરેશ ગજ્જર, મિતેષભાઈ, કનુભાઈ પટેલ, સમીરભાઈ, ગોપીભાઈ, કોઠારી મુકુંદભાઈ, દિનુભાઈ, અતુલભાઈ આદિએ પ્રેરણાત્મક સેવા બજાવી હતી. આ પ્રસંગે બાવળા અને વણઝરથી સંતો પધાર્યા હતા. (કોઠારી મુકુંદભાઈ)

**ઈલોલ (હિંમતનગર દેશ) સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસ (હિંમતનગર)ની પ્રેરણાથી અત્રે ઈલોલના મહિલા મંડળ દ્વારા આખો શ્રાવણ માસ ધૂન ભજન કરવામાં આવેલ તેના ઉપલક્ષમાં તા. ૨૧-૮-૧૭ ના સત્સંગ સભા કરવામાં આવી હતી. જેમાં બહેનોની સભામાં બહેનોએ સુંદર કથા વાર્તા કરી હતી. અને ભાઈઓની સભામાં મહંત સ્વામીએ સર્વોપરિ શ્રીહરિનું માહાત્મ્ય સમજાવ્યું હતું. સમગ્ર આયોજન કીરીટભાઈ કોઠારી તથા મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. (જય પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર અખંડ મહામંત્ર ધૂન**

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસની પ્રેરણાથી તા. ૨૦-૮-૧૭ રવિવારના ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન સવારના ૭ થી સાંજના ૭ સુધી હરિભક્તોએ ક્રમશઃ કરી હતી.

આ પ્રસંગે જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ નીલાબેન કે. પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર આયોજન હિંમતનગર આપણા મંદિર દ્વારા કરવામાં

આવ્યું હતું. પ.ભ. ના. મામલતદાર જસુભાઈ એસ. પટેલે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (કોઠારીશ્રી હિંમતનગર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ (ઈડર દેશ)**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ (ઈડર દેશ)માં સર્વે ભાઈ બહેનોએ મળી શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવી રાસ ગરબા કીર્તન આદિ કરી રાત્રે ૧૨ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ઉતારી હતી. જોશી ભાનુભાઈએ આખો શ્રાવણ માસ દશમ સ્કંધની કથા મંદિરમાં કરી હતી. (કાંતિલાલ આર. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા) શતાબ્દી મહોત્સવ**

પરબ્રહ્મ પરમકૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ અ.નિ. સ.ગુ. ધર્મકિશોર સ્વામી તથા અ.નિ. સ.ગુ. સ્વામી કૃષ્ણકેશવદાસજીની દિવ્ય પ્રેરણાથી અને જેતલપુર મંદિરના સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામીના માર્ગદર્શનથી ભગવાન શ્રીહરિના પરમ પવિત્ર ચરણોથી પાંચ પાંચ વખત પ્રસાદીભૂત બનેલ એવા વસઈ (ડાભલા) શ્રી સ્વામિનારાયણ મંદિર (હવેલીઘાટ)માં બિરાજમાન શ્રીહરિના પ્રત્યક્ષ સ્વરૂપો ને બિરાજમાન થયે ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ભવ્ય શતાબ્દી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપક્રમે ૧૦૦ કલાકની અખંડ ધૂન, વિજય સ્થંભ રોપણ, ભવ્યનગર યાત્રા, સમૂહ મહાપૂજા, મહાવિષ્ણુયાગ, ૫૬ ભોગ અન્નકૂટ, પ્રસાદીની તાંબાકુંડીની પૂજા, શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, ભવ્ય પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રી ધર્મકુળ પૂજન, સંતોનું પૂજન, સાંખ્યયોગી બહેનોનું પૂજન આદિ પ્રસંગો વિવિધતા સભર ઉજવાયા.

તા. ૬-૧૦-૧૭ થી તા. ૧૦-૧૦-૧૭ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજીના (અંજલી મંદિર) વક્તાપદે સુંદર કથામૃત પાન સંગીતના સૂર સાથે કરાવ્યું હતું. તા. ૭-૧૦-૧૭ ના રોજ પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી પ્રથમ વાર વસઈ ડાભલા ગામે પધાર્યા હતા અને સભામાં બિરાજમાન થઈ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામના યુવાન હરિભક્તોએ ધર્મકુળ પૂજન કરી અલૌલિક લાભ લીધો હતો.

તા. ૯-૧૦-૧૭ ના રોજ સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને યજમાન પરિવારના બહેનોએ પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

તા. ૧૦-૧૦-૧૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામન પહેલા સવારમાં સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક થયો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી પ.પૂ. મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારબાદ યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

યજમાન પરિવાર દ્વારા ધર્મકુળ પૂજન અર્ચન આરતી વિધિવત રીતે થયું હતું. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે નાના મોટી સેવા કરનાર યજમાનોનું સન્માન થયું હતું. યુવાન હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીને ૧૦૦ ફૂટનો હાર પહેરાવી રાજીપો મેળવ્યો હતો.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમગ્ર સેવા કરનાર સંત-હરિભક્તોને ખૂબજ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામના સંતો પૈકી અમદાવાદ, જેતલપુર, મહેસાણા, અંજલી, જયપુર, નારણપુરા, લાલોડા, વડનગર, સિધ્ધપુર, હિંમતનગર, સાપાવાડા, મકનસર, બાપુનગર, વાલી, માણસા, પેથાપુર, ભાત, ધરિયાવદ અને ઉનાવા આદિ ધામોથી સંતો, મહંતો પધાર્યા હતા. ધામોધામથી સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. ગામના તમામ નાના મોટા હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. છેલ્લા દિવસે સમગ્ર હરિભક્તોને સુંદર પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. (વસઈ ડાભલા સમસ્ત સત્સંગ સમાજ)

**બામરોલી (મ.પ્ર.) શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીમદ્ ભાગવત સપ્તાહ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા આપણા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનું પ્રસાદીનું અતિ પ્રિય ગામ બામરોલી (એમ.પી.) શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી લક્ષ્મીનારાયણદાસજીની પ્રેરણાથી સમગ્ર બામરોલી ગામ તરફથી આપણા મંદિરમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા. સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે હિન્દી ભાષામાં થઈ હતી. છેલ્લા દિવસે ભંડારામાં પાંચ હજાર ભાવિકોએ તથા સાધુ સંતોએ પ્રસાદ લીધો હતો. કથા શ્રવણ કરી ગામના ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી. (સમસ્ત બામરોલી ગામ)

**લીંભોઈ કંપામાં ભાગવત કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મોડાસા તાલુકાના લીંભોઈ કંપા ગામે અગીયાર દિનાત્મક ભાગવત સપ્તાહ પારાયણ શા.સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે થઈ હતી. મોટી સંખ્યામાં કચ્છી હરિભક્તોએ કથા શ્રવણનો સુંદર લાભ લીધો હતો. (ભરતભાઈ એ. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાળ (કડી) સત્સંગ પ્રવૃતિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) કુંડાળ ખાતે ઈન્દીરા એકાદશીના દિવસે સૌ બહેનોએ સાથે મળી ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરી હતી. ત્યારબાદ સમૂહ આરતી કરી હતી. ક્રમશઃ સૌ બહેનોએ કીર્તન ભક્તિ અને ધૂનમાં લાભ લીધો હતો. મહિલા મંડળે સુંદર સેવા બજાવી હતી. છેલ્લે જનમંગલપાઠ, સંધ્યા આરતી, થાળ અને નિત્ય નિયમ કરી સૌએ પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

(લાભુબેન એમ. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરવા (સંતરામપુર)**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ખેરવા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. જેના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ કથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. ત્રિદિનાત્મક શ્રીહરિયાગ પણ સંપન્ન થયો હતો. આ પ્રસંગમાં ૧૨ ગામ લેઉઆ પાટીદાર આદિ ઘણા ભક્તોએ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ધામો ધામથી સંતો પધાર્યા હતા. ઉત્સવ સુંદર રીતે પૂર્ણ થતા સંતરામપુરમાં વિરાજમાન શ્રી હનુમાનજી દાદાની પદયાત્રા ખેરવાથી શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને હરિભક્તોએ કરીને દર્શન કર્યા હતા.

(કુલદિપ પટેલ શ્રી ન.ના.દેવ મંડળ)

**રનેલાથી સંતરામપુર શ્રી હનુમાનજી મહારાજની પદયાત્રા અને જન્માષ્ટમી ઉત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી રનેલાના નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ તે નિમિત્તે સંતરામપુર શ્રી હનુમાનજી મહારાજના દર્શને શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી અને સ્વા. પુરૂષોત્તમપ્રિયદાસજી (વડતાલ) એ હરિભક્તો સાથે પદયાત્રા કરીને દર્શન કર્યા હતા.

શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીના માર્ગદર્શનથી અત્રે જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવી રાસ-ગરબા કથાવાર્તા કરીને જન્મોત્સવની આરતી ઉતારી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા કરી હતી. (કોઠારી રમેશભાઈ પટેલ)

**સર્વોપરિ ધામ છપૈયાપુરમાં જન્મ સ્થાન મહોત્સવના ઉપલક્ષમાં વિજય સ્થંભ યાત્રા**

